કોન્ફરન્સની આવતી બેઠક. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૪ મો. | સંવત ૧૯૮૭ ના કારતક સુદી ૧૨. તા૦ ૩-૧૧-૩૦ | છુટક નકલ: ૦ા આનો.

## જુવાનો ચેતજો.

ગત પર્વાધિરાજ પર્યુષણમાં જમણવારના હિમાયતીઓએ ધર્મના નામે જમણવાર કરવા અનેક કાવાદાવા ખેલી જૈન જનતાને ઉંધા પાટા બંધાવી જમણવારો કરવા ધાંધલ કરેલી, તેનો જવાબ મુંબઇની જૈન જનતાએ એવો તો સરસ વાળેલો કે નળબજારમાં શીરા વેચવા પડેલા, રાતના સેંકડો ભિક્ષુકને જમાડવા પડેલા છતાં રસોઇ વધી પડવાથી મંમાદેવીના દરવાજે બેસનાં ભિક્ષુકોને સવારમાં પીરસેલી. જોઇ લો કહેવાતા ધર્મિઓની ધર્મઘેલછા.

શ્રીમાન્ રામવિજયને આજ કારતક માસની અંધારી ત્રીજે તેમના ભક્તો તરફથી પદ્દીદાનની અને બીજાઓને દિક્ષા દેવાની વિધિ થવાની છે, તે પ્રસંગે નોકારશીનું જમણ થવાનું છે. એ નોકારશી જમાડનાર ભાઇઓ પર્યુષણનાં જમણવારોમાં થયેલ સ્થિતિ ભુલી ગયા લાગે છે. નહિં તો જે વખતે બારડોલી અને બીજા તાલુકાના ખેડુતો કરોડોની મીલકતને લાત મારી દેશ માટે ફના થઇ રહ્યા હોય, સેંકડો બહેનો જેલ ભોગવી રહી હોય, સાથે અનેક પ્રકારનાં અપમાનો અને દુઃખો સહન કરી રહી હોય, વેપારીઓ કમાણીને લાત મારી દુકાનો બંધ કરીને બેઠા હોય, અરે! આખા ગુજરાત ઉપર કારમો કેર વર્તી રહ્યો હોય તેવા ટાણે જમણવાર કરવામાંએ ધુળ પડી અને જમવામાંએ ધુળ પડી.

જે દેશના હવાપાણી અને અનાજથી શરીર બંધાયાં છે તે દેશના ઉપર દુઃખનાં વાદળાં તુટી પડતાં હોય ત્યારે તેમાં સાથ આપવાને બદલે વરઘોડા ને જમણવારો સુઝે તેને શું સમજવું? કોઇને દિક્ષા આપવાનું હોય, અગર કોઇને પદવીદાન આપવા હોય તો વરઘોડા ને જમણો સિવાય નથી અપાતાં? કે પછી ધર્મના બહાને જમણવારો કરી હજારોના ધુમાડા કરી દેશદાઝને ડુબાવવાનું સુઝે છે! જરાક તો વિચારો! તમે પણ ભારતમાતાના પુત્રો છો.

જુવાનો! તમે તો જાગતાજ છો. છતાં ચેતતા રહેજો. ધર્મના બહાના નીચે રામવિજયે પર્યુષણમાં જમણવારો કરવાનો ઉપદેશ કરેલો. છતાં તમારા નિર્ધાર આગળ તેની મુરાદ ધુળ ચાટતી થયેલી. તેવીજ રીતે આ જમણવારમાં તેવોજ નિર્ધાર કરજો. એટલે તમે તો જમવા નહિજ જવાના પણ કોઇ ભોળાઓને આડુંઅવળું સમજાવી લઇ જવાની કોશિષ થાય તો વિનવીને, સમજાવીને, આ પાપના ભાગીદાર થતા બચાવજો. બાકી ભલે એ રામ–સાગરની મંડળી જમે, કુદે, નાચે. એ બિચારા કુપમંડુકો ધડમ ધડમ કરીને ધર્મના નામે જેટલું જમવું હોય તેટલું જમે. બાકી આપણે એવા જમણવારોમાં કે પદવીઓમાં ભાગ નજ લઇ શકીએ. દેશસ્થિતિ જોઇને લાયકને માન અપાતું હોય તો જરૂર ભાગ લઇએ.

## લાગતાવળગતાને કામનું.

મને ઘની ખુસી થાય સે કે મારા થાનકમાં સીરી સંઘ અને મોતા મોતા સાધુ મહાતમાઓ પધારનાર સે. પન હું કોઇ કોઇ વખતે જોસી બુઆઓને મલતો રહું સું. તેથી જરા જરા જોતીસનું પુંછડું પકરીને પોતીકું કામ ચલાયવો જાઉં સું હું મારૂં પોતીકું ફરેજ સમજુ સું કે કોઇની ભુલ થતી આપના જાનવામાં આવવે તો તે પેલાથી ઢંઢારાવી દેવી! પન પેલા ઢોલકુતેલા વીરસાસનમાં ટાયલાં અને બરાડા મારાવા વારા પજમ સુધી બામન જેવો હું નથી! કે કામ થઇ જાય પછી આપને જોસી બુઆનાં નામથી તુલ વીછીને બન પન. નથી તન નથી મન કાપન રોલવા મંડી જાઉં. પેલી બીચારી દુર દેસની પંજાબની પદવીને કેતલાંય વરસ થઇ ગયાં પન આજ સુધી જે જે મરીને પરવારી ગયા તેઓનાં નામો આપી આપીને પાપી જોતીસની દુરદસા કરી રહ્યા સે! પન હું તો ચોખું ને ચત પછી અબેને સાય પતપત કથી દઉંસ જતપત—હાં આ જરા ધાન દઇને વાંચજો હો!

(૧) આ પેલી કારતક વદિ ત્રીજને રવિવારની પદવીઓ ગવાય સે તેમાં મીન, મેષ ને વરખનો ચંદરમાં સે. તે પ્રેમવિજયને નવમો અને રામવિજયને આઠમો આવે સે.

(૨) સીરી સંઘને અને પેલી સાસોની બાઇને ચોથો આવે સે.

(૩) કારતક મહિનો અને તુલાર્ક એતલે તુલાની સંક્રાંત સે. જે નિસીધ સે.

(૪) રવિવાર રામવિજયને કાલવાર આવે સે.

(૫) રવિવાર દિખાનો વાર નથી.

(૬) કદાચ રવિ જોગ સે તે પન નાસ કરનારો સે.

(૭) વરી મારી વારી ભદરાં પન એજ વખતે સે એતલે માથું મુંડાવીને ભદરાં પુંછવા જવા જેવું સે.

બા! આતો ઉપરનું જે થોરા ભનેલા અને અભન લોકો પન જાની લે એવું તારેવન કરેલું સે. બાકી લગન સગન તો અને મારો રામુનો બાપુ!

"ભાયખલાનો ભમતો ભુત."

## સુરત જીલ્લા જૈન યુવક સંઘનો ઠરાવ.

"અહિંસા અને સત્યના પાયા પર રચાએલ રાષ્ટ્રિય આઝાદીની લડતમાં શ્રીયુત્ ફુલચંદ ગુલાબચંદ ઝવેરીએ સુરતની રાષ્ટ્રિય સંગ્રામ સમિતિના મંત્રી તરીકે જે સુંદર ફાળો આપ્યો છે, તે માટે આ સભા તેમને ધન્યવાદ આપે છે, અને તેમનો અદમ્ય ઉત્સાહ જોઇ સરકારે પણ તેમની સેવાની કદર કરી ગીરફતાર કર્યા તે માટે તેમને હાર્દિક અભિનંદન અર્પે છે."

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

## કૉન્ફરન્સની આવતી બેઠક.

જુન્નેર કૉન્ફરન્સમાં પસાર કરેલા બંધારણ મુજબ કૉન્ફરન્સની બેઠક બાર મહિના લગભગમાં કોઈપણ સ્થળે અવશ્ય મળવી જોઈએ. અમો જાણીને ખુશ થયા છીએ કે કૉન્ફરન્સના કાર્યકર્તાઓ તે વિષે પુરેપુરા જાગ્રત છે ને તે નિયમનો અમલ કરવાના નિર્ણય ઉપર આવવા માટે સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ બોલાવવામાં આવનાર છે. કૉન્ફરન્સ સામે વિરોધદર્શક ઠરાવ પસાર કર્યા પછી શાસનપ્રેમીઓનો પક્ષ તેની સામે બખાળા પાડવાના અનેક રસ્તાઓ અજમાવ્યા કરે છે, તેજ તેમના વિરોધના ઠરાવની કેટલી કિંમત છે તે સૂચવે છે. વિરોધદર્શક ઠરાવ પસાર કર્યા પછી છ મહિના પસાર થયા તે દરમ્યાનમાં તે પક્ષ તેમના ઠરાવનો સ્વીકાર કોઈપણ સારી સંખ્યાની જૈન વસ્તીવાળા ગામ પાસે કરાવી શક્યા નથી. બે ત્રણ નાના ગામડાઓના અજ્ઞાણ અને ભોળા જૈન બંધુઓ પાસેની તેમની સહીઓની કાંઈ કિંમત છેજ નહિ. કૉન્ફરન્સના કાર્યકર્તાઓને તેની ગણત્રી કરવાની જરૂર નથી. આપણો વહીવટ ચોખ્ખો હશે, કાર્યકર્તાઓમાં નિયમિત ભોગ આપવાની તાકાત હશે, ધર્મ તરફ પ્રેમ હશે ને ધર્મબંધુઓની સાચી સેવાની ધગશ હશે તો શાસનપક્ષના હસ્તે પ્રયાસો નિષ્ફળતા મેળવશે. તે પક્ષ તરફથી કૉન્ફરન્સ ઓફીસના વહીવટને અંગે સત્ય તેની હસ્તકના કેટલાક ફંડોના વહીવટને અંગે, અતિશયોક્તિભરેલા આક્ષેપોવાળા લેખ લખવામાં આવે છે. તેમાંના ઘણાં તો વર્ષો પહેલાની હકીકતોનું પીષ્ટ પેષણ હોય છે તે વિષે હાલની કમિટિ કે હોદ્દેદારો જવાબદાર ગણી શકાય નહિ. પણ ચાલુ સમયના કાર્ય પદ્ધતિને અંગે જે વાતો લખવામાં આવતી હોય તેને માટે યોગ્ય ખુલાસા કરવા જોઇયે. હકીકતો ટીકા વગર સ્પષ્ટતાથી રજુ કરવી જોઇયે ને સ્ખલનાઓ થતી હોય તો દુર કરવી જોઇએ. કૉન્ફરન્સ ભરવામાં આવે તે પહેલાં સ્ટેન્ડીંગ કમિટિએ કેટલીક ભૂમિકા તૈયાર કરવાની જરૂર છે. બેઠક ભરવાનો હેતુ નક્કી થવો જોઇએ. બેઠક ભરી નાંખવી એટલે કાંઇ કાર્યક્રમ ન પસાર થવા દેવો પણ બેઠકમાં સમાધાની જળવાય, બેઠક નિર્વિઘ્ને પણ મૃતપ્રાય સ્થિતિમાં પુરી થાય તેટલા ખાતર બધી ચર્ચાસ્પદ વાતોને ચર્ચવા દેવાનો સમય ન આપવો આવી વૃત્તિ જે અગાઉની બેઠકમાં જોવામાં આવતી હતી. જુન્નેરની બેઠકમાં પણ તે વૃત્તિ તદ્દન નિર્મૂળ થઇ નહોતી. તેવી વૃત્તિ રાખવાથી કોમને કૉન્ફરન્સની બેઠકથી સ્થાયી લાભ થઇ શકે નહિ. આ હકીકત જરા વધારે સ્પષ્ટ કરીએ. બંધારણમાં તે વાત નિયમો રૂપે નિર્ધારેલી છે. ગઇ સાલ બેઠક ભરી, આ સાલ ભરવી છે. ભરવી જોઇયે તે ખરૂં છે પણ ભરવાના ખાસ હેતુઓ સચવાય તે માટે બેઠક ભરવા પહેલા બંધારણના તે સંબંધીના દરેક કાનુનોનો અમલ થવો જોઇયે. સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ ભરવાના સ્થળ સંબંધી નિર્ણય કરવા માટે ચર્ચા ચલાવે તે દરમ્યાન જે જે વિષયો કૉન્ફરન્સમાં લાવવા જરૂરના હોય તેને માટે ચોક્કસ નિર્ણયો કરી ડ્રાફ્ટ તૈયાર કરવો જોઇયે જેથી સમજુતી ન થાય તેટલા ખાતર જણાવવાનું કે તે નિર્ણયો ઉવેખવા નથી. સવાલો તો બધા ઘણા જરૂરના હોય છે તેટલા ખાતર જુદા જુદા સભ્યો, મંડળો, સંઘો તેવા ઘણા સવાલો ઠરાવના ખરડામાં દાખલ કરાવવા માટે આગ્રહ રાખે તે સ્વાભાવિક છે. પણ સવાલોની અગત્યતા વધતી ઓછી પણ હોય છે. તેમજ ચોક્કસ સવાલો અમુક સમયે ન લેવાય તો સમય વીત્યા પછી નકામા થઇ પડે છે એટલે તેવા જરૂરના સવાલો માટે એકમત થઇ બીજા સવાલોને ભવિષ્યને માટે છોડવાની મતસહિષ્ણુતા સભ્યોએ દેખાડવાની જરૂર છે તોજ વ્યવહારૂ કાર્યક્રમ યોજાશે ને ઠરાવોનો વરસ દરમ્યાન યોગ્ય રીતે અમલ થઇ શકશે. આ હકીકત રીતસર ચર્ચાઇ જવાથી સ્થળની પસંદગીમાં પણ અનુકુળતા આવશે. જુન્નેર કૉન્ફરન્સમાં જુદા જુદા સ્થળો વિષે વાત ચર્ચાતી હતી. પણ અમો સ્થળ માટે સુરતને વધારે પસંદ કરીયે છીએ. સુરતમાં કૉન્ફરન્સની હજી સુધી એકે બેઠક ભરાઈ નથી. સુરતમાં જૈનોની વસ્તી પ્રમાણમાં સારી છે વળી જુન્નેરે થોડી વસ્તી હોવા છતાં કૉન્ફરન્સની બેઠકને સફળ બનાવી અન્ય શહેરોને દૃષ્ટાંત પુરૂં પાડ્યું છે. સુરતનો યુવક સંઘ સભ્યોની સારી સંખ્યા ધરાવે છે. કૉન્ફરન્સના રેસીડન્ટ જનરલ સેક્રેટરીમાંના એક સુરતના છે તેઓ સુરતમાં સારી લાગવગ ધરાવે છે. સુરતની બેઠક માટે કામ કરનારને એક ભય ઓછો છે કહેવાતા શાસનપ્રેમીઓ પોતાના ઠરાવનો અમલ કરી કૉન્ફરન્સના કાર્યમાં વચ્ચે આવી શકે તેમ નથી. સંખ્યાબળ હોય તો કૉન્ફરન્સના હાલના બંધારણ મુજબ બેઠક ભરનાર ગામને વિશેષ ખર્ચ કરવો પડે તેમ નથી. ભારતની સ્વાતંત્ર્યની હાલ ચાલતી લડતના પ્રસંગે કૉન્ફરન્સની બેઠક ભરવી કે કેમ તે પ્રશ્ન ઉઠાવવામાં આવશે પણ તેવા પ્રસંગે તો બેઠક ખાસ ભરવી જોઇએ. કારણ કે જૈન કોમ વ્યાપારી કોમ છે. વ્યાપારીનો સહકાર લડતમાં હાલ સુધી બહુ સુંદર રીતે રહ્યો છે તે સહકાર હવે પછી પણ ચાલુ રહે તે આગળ તમાં જૈન કોમ ઘણું કરી શકે. જૈન યુવાનોએ લડતમાં સક્રિય ભાગ લઇ આત્મત્યાગ કર્યો છે અને રાષ્ટ્રભક્તિ પણ ધર્મનો—ધાર્મિકતાનો એક પ્રકાર છે, એ હકીકત વર્તનથી સાબીત કરી આપી છે. ત્રીસ કરોડ માણસને દિવસમાં એક વખત અન્ન મળતું નથી. તે અન્ન મળી શકે તે માટેની લડતને કોણ અધાર્મિક કહી શકે? માટે લડતમાં જૈન કોમ વધારે સ્હાય કેમ આપી શકે? જુદા જુદા વિષયમાં વ્યાપારી દૃષ્ટિથી લડતને વધારે મક્કમ તથા અસરકારક બનાવી શકવાના જૈન કોમ પાસે સાધનો છે તો તે સવાલ કૉન્ફરન્સની બેઠકમાં મુખ્યપણે ચર્ચવો અને બીજા કોમ હિતના અનેક પ્રશ્નો માટે વિચાર થઇ શકે તેટલા માટે કૉન્ફરન્સની બેઠક અવશ્ય ભરવી જોઇયે. વિશેષ હવે પછી.

**વીરશાસનના એચ. ડી. શાહ.**

ભાવનગરના સંઘના આગેવાનોની, સંસ્થાઓની ખામીઓ સુધારવા નીકળ્યા છે તેમણે લેખ લખવાની નવી પદ્ધતિ સુચવી છે. દરેક લેખ લખનારે 'ધર્મ સાક્ષીએ' એ શબ્દનો ઉપયોગ લેખ લખવામાં કરવો. તે ભાઇ ધર્મ સાક્ષીએ શબ્દની સાથે સાંભળવા પ્રમાણે લખવાનો રીવાજ રાખે છે એટલે તેમને કાંઇ બાધ આવતો નથી. પણ એચ. ડી શાહ કોણ છે? ભાવનગરના છે? હરજીવન દીપચંદ શાહ તો નહિજ હોય! સાંભળવા પ્રમાણે એચ. ડી. શાહ ભાવનગરના હોય તેમ લાગતું નથી સમય આવ્યે સુરજ છાબડે ઢાંક્યો નહિ રહે.

# નિર્ભયતા.

આજે છેલ્લા આઠ માસથી જે મહાન્ સ્વાતંત્ર્ય-સંગ્રામ ચાલી રહ્યો છે તેથી અનેક અવાન્તર લાભો થયા ઉપરાંત સૌથી મહત્વનો લાભ એ થયો છે કે આપણી પ્રજામાં અપૂર્વ નિર્ભયતાનો સંચાર થયો છે. નિર્ભયતાની પ્રાપ્તિ સિવાય કોઈ પણ પુરૂષાર્થની સિદ્ધિ શક્ય નથી. આપણી પ્રજા સેંકડો વર્ષ થયાં પરપ્રજાના તંત્ર નીચે રીબાય છે તેનું મૂળ આપણી ભીરૂતામાં રહેલું છે. આ ભીરૂતા આપણામાં અનેક રીતે જડ ઘાલીને બેઠી છે અને તે જડ તોડયા સિવાય આપણો કદિ પણ ઉદ્ધાર સંભવતો નથી. એ આપણે બરોબર સમજી લેવાની જરૂર છે.

વહેમો એ ભીરૂતાનું બીજુંજ સ્વરૂપ છે. જ્યોતિષની ગણતરીઓ અને શુકન અને મુહૂર્તો જોવા શોધવાની પાછળ પણ આજ વૃત્તિ મોટા ભાગે રહેલી હોય છે. જ્યારે આત્મવિશ્વાસનો અભાવ હોય છે, સ્વાશ્રય અને સ્વાવલંબન નાશ પામ્યાં હોય છે, ગમે તેવા સંયોગોને પહોંચી વળવાની અને તે તે સંયોગોમાં ધર્મ અને સત્યના આદેશ અનુસાર વર્તવાની તાકાત ટેક તેમજ હિંમત ખલાસ થયા હોય છે ત્યારેજ જ્યાં ત્યાં ભયનાં, શંકાના, અશ્રદ્ધાનાં નિમિત્તો ઉભા થાય છે અને માણસમાં વહેમ વધે છે અને તે ટાળવાની પ્રવૃત્તિઓથી તે વધારે ને વધારે વહેમી અને ભીરૂ બનતો જાય છે. પરિણામે માણસ સંયોગોનો સ્વામી અથવા તો વિધાતા બનવાને બદલે સંયોગોનો ગુલામ બની જાય છે અને આત્મ તત્વને ગુમાવે છે.

આપણા ધર્માચાર્યો નિરંતર આપણને કામ, ક્રોધ, માન, માયા, લોભ ઇત્યાદિ દુષ્ટ વિકારોથી છુટા થવાનો ઉપદેશ આપે છે આ ઉપદેશના ઔચિત્ય વિષે બે મત છેજ નહિ, પણ આ બધાથી વધારે બળવાન અને વિશેષ ઘાતક રિપુ ભય છે તે તરફ તેઓનું કદિ ધ્યાન ખેંચાયુંજ નથી; કારણ કે ભયપરાયણતાનો રોગ આખી પ્રજાને લાગુ પડેલો છે અને તેથી જેટલી સામાન્ય પ્રજા ભયગ્રસ્ત દેખાય છે તેટલાજ ધર્માચાર્યો ભયગ્રસ્ત હોય છે. આ ભયવૃત્તિ જ્યાંસુધી છેદાય નહિ ત્યાંસુધી અહિંસા કે સત્યના પાલનની વાતો કરવી એ મિથ્યા છે; કારણ કે અહિંસા કે સત્યના પાલન માટે સૌથી વધારે આવશ્યકતા નિડરતાની છે.

કોઈપણ પ્રજાને માટે સ્વતંત્રતા કે સ્વરાજ્ય એ જન્મસિદ્ધ હક્ક ગણાય છે એમ છતાં એમ કેમ બને છે કે સ્વાભાવિક ગણાતા હક્કની અવગણના કરીને એક પ્રજા અન્ય પ્રજા ઉપર પોતાનું તંત્ર સ્થાપી શકે છે અને એ તંત્રને પરાધીન પ્રજા વર્ષો સુધી નિભાવી લે છે? કોઈ પણ આક્રમણ કરતી પર પ્રજા ગમે તેટલા શુભ આશયનો દાવો કરે. તે છતાં આક્રમણ કાર્યજ શુભ આશયને અમાન્ય ઠેરાવવાને બસ છે. આવી પરપ્રજાના સાસન ઉપર ગમે તેટલો સદ્‌વૃત્તિ અને શુભાશયનો ઢોળ ચઢાવવામાં આવે એમ છતાં તેના અન્તર્ભાગમાં કેવળ પશુતા તથા પાખંડજ હોય છે. આમ છતાં આવાં પરરાજ્યો અથવા તો પારકી સત્તાઓ આ પૃથ્વીતળ ઉપર શા રીતે નભે છે? તેનું મૂળ પરાધીન પ્રજાની સ્વભાવગત ત્રુટિઓમાંજ સંભવે છે. આ ત્રુટિઓમાં મુખ્ય ભયાન્વિતતા અને સ્વાર્થપરાયણતાજ હોય છે. નથી રાજ્યસત્તા પરાધીન પ્રજા ઉપર કોઈ એવી ભયની છાપ પાડે છે કે તેની સામે જરા પણ માથું ઉંચકવું તેને અશક્ય લાગે છે. વળી પ્રજા તો આખરે વ્યક્તિઓના સમુહોની બનેલી હોય છે. તે વ્યક્તિઓ પોતાની જાત, જ્ઞાતિ, સંપ્રદાય અને તડોનાં સ્વાર્થ સંભાળવામાં એટલી બધી મશગુલ હોય છે કે સમસ્ત પ્રજારૂપ સમષ્ટિના હિતની સર્વ ચિન્તા તે ગુમાવી દે છે. આમ જ્યાં સુધી ચાલ્યા કરે છે ત્યાં સુધી પરપ્રજા કોઈ પણ દેશ ઉપર રાજ્ય ચલાવી શકે છે. એ ભયની ભ્રમણા તુટે અને પ્રજા સર્વ પ્રશ્નોનો દેશની દૃષ્ટિએ ગંભીર પણે વિચાર કરવા માંડે ત્યારથી પરપ્રજાના શાસનનો અંત શરૂ થાય છે.

સદ્‌ભાગ્યે આજે આપણી વચ્ચે જે મહાન્ વ્યક્તિ આખા ભારત વર્ષનું ભાગ્ય વિધાન કરી રહેલ છે તે મહાત્મા ગાંધીજી નિર્ભયતા અને નિઃસ્વાર્થતાની પરમ મૂર્તિ છે. તેમના પરમ ઐશ્વર્યવાન્ ચરિત્રમાં જ્યાં ત્યાં નિડરતા અને નિઃસ્વાર્થ જનસેવાના ઉજ્જ્વળ દૃષ્ટાન્તો વેરાયલાં પડયાં છે. તેમણે સત્યાગ્રહ આશ્રમ વિષે જે વ્રત પાળવાની યોજના ઘડેલી છે તેમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ સાથે અભયવ્રતને ઉપર જણાવેલ દૃષ્ટિ ધ્યાનમાં લઇને જોડેલું છે. આપણે એમના નિર્મળ ચરિત્ર અને વિચારોમાંથી ઝરતી પ્રેરણાઓ ઝીલીને આપણામાં સાચી નિર્ભયતા કેળવીએ અને એ રીતે દેશ તેમજ ધર્મ-સમાજની સાચી સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત કરીએ!

પરમાનંદ.

---

## અભિનંદન.

**શ્રીમતી બેન સરલાદેવી:** અમદાવાદના જાણીતા જૈન મીલમાલીક શેઠ અંબાલાલ સારાભાઈની ધર્મપત્ની જેઓ ચાલુ લડતમાં ઘણા સમયથી સારો ફાળો આપી રહ્યા છે, તેઓ ગુજરાત પ્રાંતિક સમિતિના સરમુખ્ત્યાર નીમાયા તે માટે અમારા હાર્દિક અભિનંદન.

**શ્રીમતી હીલાવતી મણીલાલ દફતરી:**

હીંદ સેવા દળના આશ્રય નીચે રાષ્ટ્રધ્વજ વંદનની ક્રિયા વખતે પકડાયા હતા તેઓને સાત માસની સજા થઇ છે તે કાઠિયાવાડની જેલમાં જનાર પહેલા જૈન બ્હેન છે. તેમને પણ અભિનંદન આપીએ છીએ.

---

## યંગમેન્સ જૈન સોસાયટી ને પુનર્લગ્ન.

યંગમેન્સ સોસાયટીના સભ્ય જેઓ બારડોલીના રહીશ છે તેમણે એક વિધવા બાઇ સાથે પુનર્લગ્ન કર્યું છે. સોસાયટી ધન્યવાદ આપશે કે શું કરશે?

## દીક્ષાના ઉમેદવારો.

કારતક વદમાં અપે અપાનારી દીક્ષાના સંભળાતા ઉમેદવારોના જીવન વૃતો પ્રસિધ્ધ થવાની જરૂર છે. એક પાલનપુરી બંધુનું જીવન જૈન તા૦ ૨-૧૧-૩૦ ના અંકમાંથી વાંચી લેવું. બીજાઓના મોકલી આપવામાં આવશે તો પ્રગટ કરશું.

# સુસવાતા વાયરા.

મુંબઇમાં, રામજી બાપુને પદવી આપવાના ને અડધા ડઝનેકને અનગાર બનાવવાના ભણકારા વાગી રહ્યા છે. બાપુજી ભલેને ખુદ વીસમી સદીના 'લોર્ડ' બને તેમાં મુંબઇના સંઘને કંઇ લેવા દેવા નથી. લાલબાગના કેટલાક હાજીઆ ભક્તો સિવાય આજે બીજા કોઇને પદવીદાન કરવાના કોડ નથીજ. બાકી ચેલા વધારવામાં રાજીખુશી છે કે ધાલમેલ જેવું છે તે તો વાત પ્રગટ થયે જણાય. જો કે આજે એમાં ઉંડા ઉતરવાનો યુવકોને સમય નથી છતાં એટલી નુકતેચીની કરી દઇએ કે પ્રવરજી જે કંઇ કરો તે આવેશમાં આવી ન કરતાં તાજા બનાવોને નજરમાં રાખી કરજો. આજે સુધીમો કે ચિત્તવિજયોને સ્થાન નથીજ. બાકી 'ધર્મ' જોવાને વંદન છે.

* * *

સાંભળીવા મુજબ સાગરજીના દાવ ઉંધા પડયા છે. બકરી કાઢતાં ઉંટ પેઠા જેવું થયું છે. રતિલાલને મુંડી નાખવાનું પાર પડે તે પૂર્વે તો રતલામ કે જ્યાં એ ભાઇને છુપાવવામાં આવેલ—ત્યાંથી પોલીસે કબજે લઇ, છુપાવનારા ભક્તીઆઓને પણ 'કસ્ટડી' માં રાખ્યા છે. છોકરાનો કાકો ત્યાં દિવાળી પહેલાંથીજ હતો અને પાછળથી ખબર મળતાં બીજા સગા પહોંચી ગયા છે. સાગરજીને આ સમાચાર મળતાં અમદાવાદથી ખંભાત વકીલોની દોડાદોડ થઇ ગઇ ને રતલામ પણ વકીલ દોડાવ્યાનું સંભળાય છે. શાસનપ્રેમ 'કોરટ-દર બારમાં' ગયા સિવાય નહિં દેખાડાતો હોય? અધર્મીઓને કદાચ બોધ ન લાગતો હોય પણ આ શાસનપ્રેમીઓના કલેજા કેમ ખવાઇ જાય છે! આથી એમ માનવું શું ખોટું છે કે પારકાને જતિ કરવાજ પ્રેમલાઓનું જુથ 'જામ્યું' છે!

* * *

'કંઇ નહિં રામજી કરતાં સાગરજી પાકા તો ખરાજ. એ કંઇ એકાદા રતિઆથી રતિ પામે તેમ નથીજ. સંભળાય છે કે શાસનરસિકોમાં સુરત ગણાતા ઘરોમાંથી એમણે ચોકડી તૈયાર કરી છે. ખારવાડાનો દત્તક, તાલેવંતનો વંશ વારસ, અને તેવા બીજા બે માટે વાતો થાય છે. વાત તો ખુશી થવા જેવી છે છતાં એટલી ચેતવણી આપીએ કે એ કામ રસિકો એ રસિકતાથી જરા પણ વાતને ડોહળ્યા સિવાય વધાવી લેવી જોઇએ બાકી રઢીયાળ કરીને કે કોર્ટકચેરીમાં દોડધામ કરવાથી તો શાસન સેવાને સ્થાને કેવળ અપભ્રાજના થઇ રહી છે! એક વાર તો શ્રાવકો તરીકે પેટ ભરી નિંદાયા છે માટે પુન: તેવું ન થાય એ જોવું ઘટે. દરેક શાસનપ્રેમી કુટુંબ દીઠ એકેક સંતાન આ મુક્તિના સીધા ઇજારદારોને અર્પણ કરી દે તો જરૂર રામ-સાગરજી પૂર્ણ રીતે સંતોષાય. દેશ માટે આવો ભોગ ધરનારા આજે અસંખ્યાબંધ દ્રષ્ટિગોચર થાય છે તો શું રામજી બાપુના ધર્મીઓમાંથી પાંચ પંદર પણ આવું નહિં કરી બતાવે!

* * *

૧૯૮૬ ની સાલની મુંબઇની દિવાળી યાદગાર રહી જવાની. ડોસાઓ કહે છે કે પચાસ વર્ષમાં અમારી આંખે આ પહેલો પ્રસંગ છે. બટન દાબતા હજારો દીવા થઇ જાય એવી વિજળી બાઇ આ વેળા સાવ ખુણે ભરાઇ ગયા. મારકીટો શું કે તાંબાકાંટો શું, દુકાનો શું કે દેવાલયો શું. સર્વ જગાઓ સુમસામ! ભાગ્યેજ અલ્પ સંખ્યા મિણ્ણાનો જગી હશે! આમ કોંગ્રેસનો આદેશ સર્વત્ર પળાયો. એ સાથે એનો બીજો હુકમ ત્રિરંગી વાવટા ચઢાવવાનો સર્વત્ર જળવાયો. આ વેળાયે વાવટાની શોભાએ કંઇ નવીન દ્રશ્ય રજુ કર્યું. આમ પ્રજાએ મહાત્માજી વગેરે નેતાઓ પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ દાખવ્યો. દેવદર્શને જતાં નારીવૃંદના શરીરો પર સાદા સ્વદેશી વસ્ત્રો સિવાય ભાગ્યેજ કંઇ જણાતું. અફસોસજનક એટલું જ કે સુરતી સ્ત્રીઓએ—ખાસ કરી ઓશવાળ ઝવેરીઓની નારીઓએ સાડીના સણગાર સજી પરદેશી વસ્ત્રોનું પ્રદર્શન કરવામાં મણા નહોતી રાખી. શું એમના ભેજામાં દેશભક્તિનો છાંટો સરખો નહિં હોય? ક્યાં તો અજ્ઞાનતા અગર તો ફેશનનો મોહ ઠાંસીને ભર્યો હોવો જોઇએ. રામજી બાપુનો સતત બોધ સાંભળનાર આ બ્હેનો જેમનાથી રજ આડંબરનો ભોગ સરખો આપી શકાતો નથી તેઓ ત્યાગ-વૈરાગ્યની વાતો કેવી રીતે પચાવી શકતી હશે! દેશની હીલચાલમાં આવી પરાંગમુખતા કોઇકવાર સમાજ ને ધર્મ પર ગંભીર જોખમ આણે છે. ખુશી થવા જેવું તો એજ છે કે ઉક્ત 'કાળાગેહા' ને બાજુએ રાખતાં આખી સમાજ દેશની હીલચાલમાં હાર્દિકતાથી રસ લઇ રહી છે.

વીરશાસનમાં સમાચારના પાના ઘણીવાર ધર્મસેવક કે એમ. એમ. ચોકસી જેવાથી કાળા કરાયલા હોય છે એમાં એકજ જુનો કક્કો ઘુંટવામાં આવ્યો હોય છે અને તે માત્ર એટલોજ જુન્નર કોન્ફરન્સમાં આમ કરવામાં આવ્યું અને ફલાણાઇ પ્રતાપસીએ તેથી આમ કર્યું. અજાયબી તો એજ છે કે આ અઢીપલ્લ હદુઓ આટલા દિને આજે કયાંથી ફુટી નિકળ્યા છે! એ પિંજરણમાં ઉંડા ઉતરવાની આજે નથી તો કોન્ફરન્સને ફુરસદ કે નથી તો કોઇ યુવકને. એ વેળા એ સંબંધમાં પુષ્કળ ઉહાપોહ થઇ ગયો છે. એમાં હાથ હેઠા પડયા એટલે તો સુરતમાં જુદો ચોકો કરવો પડયો. એમાં ભેળા થયેલા કું ભાવા ને મંગળદાસો ભલેને આજે એક ઇન્ડીયાના નામે ચેઠા ચલાવે ને 'પંચમેળો' તરીકે 'ગેઝેટ'ની હરાઇ ઉડાવે સમાજના સમજુ વર્ગે તો કયારનુયે માપી લીધું છે કે એ સાચા 'પંચમેળો' નથી પણ કોઇ બારમી સદીના 'એન-ખેનો' છે. એમના શુંક ઉરાડવાથી કોન્ફરન્સનો વાળ સરખો વાંકો થવાનો નથી. પ્રેમલા ભક્તોનાપર દબાણ ચલાવી એકાદ બે નાના ગામડામાંથી એના સામે બેસુરો અવાજ કઢાવવાથી જનતા ભોળવાઇ જવાની નથીજ. ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, પંજાબ ને દક્ષ્ખણમાં આજે વર્ચસ્વ કોન્ફરન્સનુંજ છે. મુંબઇ, અમદાવાદ, પાટણ, ભાવનગર, વડોદરા, પાલણપુર કે ખંભાત વગેરે સ્થાનોમાં મોટો વર્ગ કોન્ફરન્સમાં શ્રદ્ધા ધરાવનારો જીવતો જાગતો છે. એને મન શકુની લખાણોની કિંમત ફુટી બદામની પણ નથી. દીક્ષા અને જ્ઞાનના નામે ફેરો કરી એનો દુરૂપયોગ કરવાનું એ પ્રેમલા ભક્તોનેજ મુબારક રહો.

"દ્રષ્ટા."

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

જૈ.સ.ની સ્થિતિ અને મહા વદ ૭

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૫ મો. | સંવત ૧૯૮૭ ના કારતક વદી ૪. તા૦ ૧૦-૧૧-૩૦ | છુટક નકલ: ોા આનો.

## પ્રાસંગિક પ્રશ્નોત્તરો.

[શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆને એક ગૃહસ્થ તરફથી કેટલાક પ્રશ્નો પૂછવામાં આવેલા તે તે પ્રશ્નો ને તેમણે જે ઉત્તરો આપેલા તેની નકલ અમે નીચે પ્રગટ કરીએ છીએ અને આ પ્રશ્નો સંબંધમાં અન્ય વિચારકોને પોતપોતાનાં અંગત મન્તવ્યો મોકલવા નિમંત્રણ આપીએ છીએ—તંત્રી.]

**સવાલ**—"અત્યારની રાષ્ટ્રિય ચળવળમાં જે લોકો ભોગો આપે છે, માર ખાય છે, અથવા માથા ફોડાવે છે, તેઓને નિર્જરા થાય કે નહિં અને થાય તો સકામ કે અકામ?

**જવાબ**—નિર્જરા કે કર્મબંધ થાય તે આંતર અધ્યવસાય ઉપર આધાર રાખે છે. મનમાં અહિંસા પ્રકારની ભાવના હોય, દેશની મુક્તિની સાપેક્ષ દ્રષ્ટિ હોય તો નિર્જરા પણ થાય અને પુણ્યબંધ પણ થાય. જો નિર્જરા થાય તો તે સકામજ હોય છે.

બાહ્ય દ્રષ્ટિએ સમાન ક્રિયા કરનારને ફળપ્રાપ્તિમાં ઘણો તફાવત પડે છે એટલે અંતરની સાપેક્ષ દ્રષ્ટિપર સર્વ બાબતોનો આધાર રહે છે.

**સવાલ**—"અસ્પૃશ્યતા નિવારણના સંબંધમાં જૈનો ભાગ લઇ શકે કે નહિં? અસ્પૃશ્યને આપણા દેરાસરમાં દર્શનાર્થે આવવા દેવાય કે નહિં?"

**જવાબ**—જૈન ધર્મમાં "અસ્પૃશ્ય" આત્મા છેજ નહિં, અહિં તો સર્વ આત્મા સમાન છે. ઉંચ નીચનો ભેદ જૈને કદિ સ્વીકાર્યો નથી. હરિકેશી મુનિ ચંડાળને ત્યાં જન્મ્યા તેથી મોક્ષનો તેનો અધિકાર ગયો નથી. જો જૈનને ત્યાં વહોરવા આવે તો તેમને ઘર બહાર ઉભા રાખી રોટલી ફેંકવામાં આવતી નહોતી. પ્રત્યેક જૈનનો દેરાસરમાં આવવાનો અધિકાર છે. લોકો જેને અસ્પૃશ્ય કહે તેવો હોય કે ગમે તેવો હોય—જૈન હોય તો દર્શન માટે જરૂર આવી શકે છે.

**સવાલ**—"અત્યારની રાષ્ટ્રિય ચળવળમાં ભાગ લેવો એ ધર્મ ગણાય કે નહિં?"

**જવાબ**—લેનારના લક્ષ્ય ઉપર આધાર રાખે છે. એની સેવા ભાવની ભાવના હોય તો એને લાભ થાય, કીર્તિની ભાવના હોય તો ઐહિક લાભ થાય, સેવા ભાવના હોય તો નિર્જરા થાય, ધાંધલવૃત્તિ હોય તો મોહનીય કર્મબંધ થાય વિગેરે વિગેરે. સમાન ક્રિયા વ્યક્તિ પરત્વે જૂદા જૂદા પરિણામો નીપજાવે છે.

**સવાલ**—"રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં સાધુઓ ભાગ લઇ શકે કે નહિ? અને જો ભાગ લે તો કેવી રીતે અને ક્યાં સુધી?"

**જવાબ**—રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં સાધુઓ ભાગ લઇ શકે. એ દેશને આઝાદ કરવામાં પરિણામે ધર્મ સામ્રાજ્યમાં પ્રગતિ દેખતા હોય તો બહુ પ્રેમપૂર્વક ભાગ લઇ શકે. એ સર્વેને અહિંસક રહેવાનો ઉપદેશ આપે અને સત્યનો મહિમા દેખાડે. એ ઉપદેશદ્વારા સત્ય માર્ગ બતાવી શકે. એથી વધીને એ કલમથી લેખો લખે, સમાજ શાસનના પ્રશ્નો ચિંતવે અને વ્યક્ત કરે એ ધર્મ અને વ્યવહારનો સમન્વય કરે. આવડત હોય તો સાધુ ધર્મને ખૂબ પ્રગત કરતાએ રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં અનેક પ્રકારે ભાગ લઇ શકે અને તેમ કરીને પોતાનો વિકાસ વધારી શકે.

એ ક્યાં સુધી જઇ શકે એ કાર્યમાં પડ્યા પછી એને સમજવું મુશ્કેલ નથી. એને અંતરાત્મા જવાબ પણ આપે. એને જવાબ સાક્ષાત મળે. એનામાં દંભ, દેખાવ અને ગોટાળા ન હોવા જોઇએ. નિખાલસ વૃત્તિવાળા માટે માર્ગ સરળ અને સીધો છે અને આ કામમાં ગોટાળીઆઓનું ચાલે તેમ નથી.

**સવાલ**—"સમકીતના દુષણમાં કુલિંગીની પ્રશંસા કરવાની ના છે. તો અત્યારે અન્ય દર્શનમાં વર્તતા કોઇ મહાત્મા અથવા વિશેષ લાભ કરનાર ગુણીજનની ગુણોને લીધે તે વ્યક્તિની પ્રશંસા સહેજે થાય તો આપણને દુષણ લાગે કે કેમ?"

**જવાબ**—જૈન શાસ્ત્રકાર ગુણરાગને બહુ ઉચ્ચ સ્થાન આપે છે. આપણામાં ગુણો હોય અને ગુણનો રાગ હોય—તેની પ્રશંસા કરે તેમાં વાંધો નથી. મહાત્મા જેવા પુરૂષોના તપ—ત્યાગ વખાણવા એ કુલિંગીની પ્રશંસામાં આવતું નથી. એવા વિશેષ લાભ કરનારને ઓળખવા એ જૈન શાસ્ત્રને બરાબર અનુકૂળ છે. મારી નજરે એમાં દુષણ જેવું કાંઇ લાગતું નથી. કુલિંગીની એના ધર્મ સંબંધી પ્રશંસા કરવાની બાબત જુદીજ છે, પણ એના ગુણની પ્રશંસા કરવામાં જરા પણ વાંધો ઘટતો નથી—સંભવતો નથી.

આ પ્રમાણે મારો અભિપ્રાય છે અને તે શાસ્ત્ર પ્રમાણે હોવાનો મને પૂર્ણ વિશ્વાસ છે.

મુંબઇ, તા૦ ૩૦—૧૦—૧૯૩૦.

## તાજા સમાચાર.

**સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ**—કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિની એક મિટિંગ તા૦ ૯—૧૧—૩૦ ને રોજ મળી હતી. તે વખતે પ્રમુખ તથા ઉપપ્રમુખ ગેરહાજર હોવાથી પ્રમુખસ્થાન શેઠ ગોવીંદજી ખુશાલને આપવામાં આવ્યું હતું. કોન્ફરન્સના રેસીડંટ જનરલ સેક્રેટરી શેઠ છોટાલાલ પ્રેમજીએ પોતે લાંબા વખતને માટે પોતાની જન્મભૂમિમાં રહેવાના હોવાથી રેસીડન્ટ જનરલ સેક્રેટરીના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું. તેમની અતિ કિંમતી સેવાઓની નોંધ લઇ કમિટિએ તે રાજીનામું દીલગીરી સાથે સ્વીકાર્યું હતું. ઓડીટર તરીકે શેઠ નરોતમદાસ ભગવાનદાસની નીમણુંક કરવામાં આવી હતી. નવા રેસીડંટ જનરલ સેક્રેટરીની નીમણુંકનો સવાલ આવતી બેઠક ઉપર મુલતવી રાખવામાં આવ્યો હતો. કોન્ફરન્સના સત્તાવાળાઓ આ વખતે યુવક વર્ગમાંથી કોઇ એકની નિમણુંક કરશે એવી અમો આશા રાખીએ છીએ. કોઇ બારાસાઓ તો કોઇ ઠેકઠરની તો કોઇ બી કોમને નીમવાની વાત કરતું હતું. યુવાનોએ પણ જવાબદારી લેવા તૈયાર રહેવું જોઇએ. કટોકટીના આમલામાં કોમની સેવા કરવાની તક ગુમાવવી ન જોઇયે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જૈનસમાજની સ્થિતિ અને મહા વદ ૭.

વેપારની છિન્નભિન્ન દશાથી દુનિયાભરની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. તેમાં હરિયાળો, અને ફળદ્રુપ આપણો ભારત દેશ પણ સપડાયો છે. તેની જમીનની પેદાશ અને ભારતવાસીઓની સાદાઇ ભરેલી રહેણી કરણી છતાં પરતંત્રતાના લીધે ગરીબાઇનો પાર નથી. આ ગરીબાઇના દુઃખમાંથી જૈન સમાજ પણ બચી શકવા પામ્યો નથી. તેમાં પણ જૈન કોમનો મોટો ભાગ વેપારી છે. સામાન્ય વર્ગનો મોટો ભાગ વેપારીની નોકરી કરવાવાળો. પણ વેપારની સ્થિતિ હાલમાં બગડતી જતી હોવાથી જૈન કોમના સાધારણ વર્ગના દુઃખની અવધીજ નથી. છતાં ઘણા તો આબરૂને ગાલને તમાચો મારી મોઢું ગુલાબી બનાવી રહ્યા છે.

જૈન સમાજની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડતી જતી હોવાથી, સાધારણ વર્ગ પૈસાના અને સગવડોના અભાવે પોતાના બાળબચ્ચાંને કેળવણી આપવા તેમ પેટનો ખાડો પૂરવા કમાણી કરવાના ફાંફાં મારે છે. ત્યારે ગરીબ વર્ગ માટે તો લખવુંજ શું! સમગ્ર કોમમાં વગર પૈસે કેળવણી મેળવવાનું સાધન હોય તો મુંબઇમાં બાબુ સાહેબ પન્નાલાલજી હાઇસ્કુલ અને કોલેજ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તે પણ ત્રીસ હજારની જૈન વસ્તીવાળા શહેરમાં બેજ સંસ્થા. જ્યારે પારસી જેવી કોમમાં કેળવણી માટે, આરોગ્યતા માટે, રહેવા માટે, વેપાર માટે, શહેરે શહેર ને ગામે ગામમાં પુષ્કળ સાધનો સાથે જૈન કોમના હીતાર્થે ઉભાં થયેલાં સાધનોનો મુકાબલો કરીયે તો આપણે એમ કહીયે તો ખોટું નથી કે કંઇ કર્યું નથી. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાને કેટલા ભોગે અને મહેનતે ઉભી કરી છે તેને તોડી પાડવા કેટલાકો હવામાં બાચકાં ભરી રહ્યા છે. તેઓ સામાજીક હિતકારી નવી સંસ્થાઓ સ્થાપી શકે તેમ તો છેજ નહિ ભુતકાળમાં જે જૈન કોમ ધનાઢ્યતામાં અગ્રસ્થાન ભોગવતી અને તેના અનેક લક્ષ્મીનંદનો કરોડો રૂપીયા, સમાજ, દેશ અને ધર્મ અર્થે ખર્ચી લક્ષ્મીનો સદ્દુપયોગ કરતા; જ્યારે જૈન કોમની જાહોજલાલી ઝળહળી રહી હતી. ત્યારે આજની જૈન કોમની દુર્દશાનો વિચાર કરીયે તો અશ્રુ વહ્યા વિના નહિ રહે. શું! જૈન કોમના તારણહાર તરીકેનો દાવો કરનાર ધર્મગુરૂઓ નિંદ્રામાં છે? શું જૈન કોમમાં ધનાઢ્યો નથી? છે. પણ જુદે રસ્તે ચડેલાને જરૂરી માર્ગે લાવવાની જરૂર છે. અને પ્રમાદ સેવતા ભાઇઓનો પ્રમાદ ઉડાવવાની જરૂર છે.

જૈન કોમના તારણહાર તરીકે ગણાતા સાધુઓમાં પદવીઓની પંચાતોને લીધે સાધુઓનો અમુક વર્ગ સઘ સંસ્થામાં ક્લેશની હોળી સળગાવી ન ધરાયો હોય, તેમ જૈન સમાજમાં હોળી સળગાવી રહ્યો છે. તેને જૈન કોમ મરે કે જીવે તેની પરવા નથી. તેઓ તો ઉપાશ્રયની ચાર ભીંતોની વચમાં ત્યાગના ઓઠા નીચે પોતાના ગણ્યા ગાંઠ્યા ભક્તો આગળ ધર્મી, અધર્મી, ખરસંતાનો, વિ. જેમ ફાવે તેમ ઉપદેશ આપીને ભાઇએ ભાઇના માથાં ફોડાવી રહ્યા છે, સમાજના પૈસાનો કોર્ટમાં દુર ઉપયોગ કરાવી રહ્યા છે અને ઘેરે ઘેર ક્લેશની હોળીઓ સળગાવી બે બીલાડી ને વાંદરાના ઇન્સાફની પેઠે ભોળા લોકોને ભંભેરી, કેકને નસાડી ભગાડી, ચેલા ચેલકીઓનું ટોળું વધારવામાં અનેક કાવાદાવા ખેલી રહ્યા છે. જેમ ભારતવર્ષની ગુલામી દશા ટકાવી રાખવામાં ભારતમાતાનાજ પુત્રો કુહાડીના હાથા બની રહ્યા છે તેમ આપણા સમાજની દુર્દશા કરવા કટીબદ્ધ થયેલ આ કહેવાતા તારણહારોને પણ સમાજમાંથી કુહાડીના હાથા જેવા ભાડુતના ઓથમીરો મળી રહ્યા છે, એટલે આ બિચારા પંતુજીઓ સમાજની માઠી દશા કરવામાં હાલ તો ફાવી રહ્યા છે; પરંતુ જ્યારે કુહાડીના હાથા રૂપ બનેલા ભાઇઓની અંધશ્રદ્ધાનાં ચડેલાં પડળો ઉતરી જશે ત્યારે આ કહેવાતા તારણહારોને સુધરવાની ફરજ પડશે અને નહિ સુધરે તો રેતીના રણમાં વિચરવું પડશે.

જૈન સમાજના સાધુઓનો મોટો ભાગ મૌન સેવીને બેઠો છે. તેના મૌનપણાથી સમાજને એમ કહેવાની તક મળે છે કે તેને પણ જૈન સમાજની પરવા નથી. નહિ તો તે મૌન કેમ સેવે? તેમાં પણ લાગવગ ધરાવનારા, સમર્થ આચાર્યો છે. તેમાંના એક આચાર્ય મહારાજ જેઓ વિદ્વાન છે, વૃદ્ધ છે, અનુભવી છે, સમયને ઓળખનારા છે, સમાજમાં પણ જેમનો મોભો છે, તેવા શ્રી વિજયનેમીસૂરીશ્વરજીને અમે વિનવીએ છીએ કે જૈન સમાજની સ્થિતી દિવસે દિવસે બગડતી જાય છે, તેને અસાધ્ય રોગ લાગુ પડયો છે, તેમાંથી જૈન સમાજનું રક્ષણ કરવા આપ જેવાએ બહાર આવવું જોઇએ. તેના બદલે ગુરૂદેવ! નજીક વર્ષ ઉપર આપના ઉપદેશથી એક ગ્રહસ્થે સંઘ કહાડેલો તેમાં સંઘ કહાડનાર ગ્રહસ્થને અને સમાજને લગભગ દશ લાખનો ખર્ચ થયો હશે, તે વખતે ગામડીયાઓ, અભણો, અને જેણે વિચાર કરવાની બુદ્ધિ ખોઇ નાખી છે, તેવા માણસો સંઘવીની, જૈન કોમની વાહ વાહ લલકારતા. અને ભોળાઓ એમ સમજતા કે જૈન કોમની જગતમાં જયપતાકા ફરકી રહી છે, જૈન ધર્મનો ડંકો વાગી રહ્યો છે, જ્યારે સમજુ વર્ગ એમ કહેતો કે જૈન જેવી વહેવાર કુશળ વેપારી કોમ લાખો રૂપીઆનો આ પ્રમાણે ખર્ચ કરે છે. તેઓ કોમના ઉધ્ધારાર્થે કેળવણી પાછળ, સાધારણ વર્ગને ધંધે લગાડવા પાછળ કે એના વડવાઓ લાખો બલ્કે કરોડો ખરચીને બેનમુન બનાવેલ જૈન મંદિરોના ઉધ્ધાર અર્થે ખરચે તો કેટલો લાભ થાય. શું! જૈન કોમમાં બુદ્ધિનું દેવાળું નીકળ્યું છે? કે આ પ્રમાણે આપણી કથા બહારના લોકો કરતા હતા. છતાં વિચારક જૈનોએ તો મૌનજ સેવવામાં ડહાપણ માનેલું. આટલા બધા ખર્ચના પરિણામે જૈનોની સ્થિતિ સુધરી નથી. ખર્ચ કરનારની તથા ખર્ચ કરાવનારની ભાવના વિષે અમારે કંઇ કહેવાનું નથી.

કોમને મંદ સ્થિતિમાં મુકનારા કારણોની તપાસ કરી તે કારણો દુર કરવાના ઉપાયો યોજવામાં આવે તે યોજના મુજબ ખર્ચ થાય તેને માટે જરૂર પુરતો ફંડ એકત્ર કરવાની જરૂર છે. વળી આ બધી પરિસ્થિતિ ને તેના રસ્તાઓ આચાર્ય મહારાજ નથી જાણતા તેમ પણ નથી.

છતાં તેવી કોઇ યોજના થવાને બદલે અમો સત્તાવાર રીતે જાણવા પામ્યા છીએ તે મુજબ આપશ્રીના ઉપદેશથી આપ બીરાજો છો ત્યાંથી આવતા મહા વદ ૭ નો એક સંઘ નીકળવાનો છે. તે સંઘ કહાડનાર ગૃહસ્થને અને જૈન સમાજને મળીને લગભગ પાંચ લાખથી વધારે ખર્ચ થવા સંભવ રહે છે. આપ જેવા વિદ્વાન અને વિચારશીલ મુનીશ્રીએ વિચારવાની જરૂર છે કે હાલ જૈન સમાજમાં કેળવણીના સાધનોની ઘણી ઉણપ છે. જીવન ટકાવવા ઉપયોગ પૂરતાં સાધનોની જરૂર છે, બેકારીના પ્રશ્ને હદ વાળી છે. ઉજળાં લુગડાં પહેરી બહાર નીકળનાર ઘણા ભાઇઓ સાધન વિના અકળાઇ મુંઝાઇ રહ્યા છે. તેવા કટોકટીના પ્રસંગે આવી રીતે લાખો રૂપીઆ ખરચાવી નાખવા કરતાં જૈનસમાજના હિતાર્થે તે રકમ ખરચાવવાની ખાસ જરૂર નથી લાગતી? શાસ્ત્રકારો પણ કહે છે કે 'સ્વામી સમુ અવર ન સગપણ કોય' બીજી બાજુ સાત ક્ષેત્રમાં સ્વામીભાઇનું ક્ષેત્ર સીદાતુ હોય તો તેને મદદ કરવા પ્રથમ સ્થાન અપાયું છે. છતાં તે તરફ દુર્લક્ષ કરવું વ્યાજબી લાગે છે?

જે જમાનામાં રેલ ગાડીઓનાં સાધનો નહોતાં, તેમ બીજી પણ અગવડો હશે. તે જમાનામાં ધનીક વર્ગ સંઘ કહાડી લાખો ખર્ચે તે ઉપયોગી હતું. પરંતુ જ્યારે જૈન સમાજની સ્થિતિ ખરાબ હોય, યાત્રા કરવા માટે અનેક સગવડો હોય, તે વખતે આવી રીતે લાખો રૂપીયાનો ખર્ચ કરી નાખવો એ જૈનેતર સમાજમાં હાંસીપાત્ર થવા જેવું છે. આ વીસમી સદીમાં ચૌદમી કે પંદરમી સદીના વાતો સમાજના ગળે નહિ ઉતરે. આ સદીમાં દરેક સમાજ અને દેશ તેના ઉદ્ધારના માટે પ્રયત્ન કરી રહ્યો છે. તે ટાણે જૈન સમાજ સાચી ઉન્નતિના માર્ગે નહિ પડે તો સમાજની હસ્તી જોખમમાં આવી પડશે. વળી એક બીજા મુદ્દા ઉપર આચાર્યશ્રીનું ધ્યાન ખેંચીયે છીયે. હાલની દેશની ચાલતી ચળવળમાં જૈન કોમે પોતાનો ફાળો સારી રીતે આપ્યો છે. જૈન વેપારીઓએ વ્યાપાર છોડયો છે. યુવાનોએ જેલનિવાસ મેળવ્યો છે કેટલાકના માથા ભાંગ્યા છે. વેપારની સ્થિતિ તદ્દન કફોડી છે. જૈન નોકરો તદ્દન નોકરી વગર રખડે છે. ખાનદાન કુટુંબના બાળકોને જ્યાં ખાવાના વાખાં હોય ત્યાં તેની કેળવણીનો ખર્ચ ક્યાંથી નીકળે? તેવા પ્રસંગમાં દ્રવ્યની મોટી રકમ જૈન બંધુઓના તાત્કાળિક જરૂરીયાતોમાં વપરાવવાની ખાસ જરૂર છે. સંઘ કહાડનાર શેઠના પુજ્ય પિતાશ્રીએ દુષ્કાળો પ્રસંગે મનુષ્યદયાને અંગે અને પાંજરાપોળમાં ઘણા પૈસા ખર્ચેલા છે ને કોમના સામાન્ય વર્ગની ને મુંગા પ્રાણીની આશીષ મેળવી છે. સ્વામીભાઇઓને છોડી આગળ ચાલીશું ને મનુષ્યદયાને અંગે ખર્ચ કરવા માટે આજની લડતને અંગે ઘણું વિશાળ ક્ષેત્ર પડેલું છે. રાજદ્વારી બાબતોને કોરે મુકીયે તો પણ અમદાવાદ જીલ્લાની બાજુમાં ખેડા જીલ્લો આવેલો છે તે જીલ્લાના ખેડુતોના ભોગો આપ્યા પછી તે ખેડુતોને મદદ માટે અનંગળ દ્રવ્યની જરૂર છે. આગળ બારડોલી જીલ્લાની પણ તેજ સ્થિતિ છે. ખેડુતો ઘરબાર છોડી જંગલનિવાસ સેવે છે. ટાઢ તડકો કાંઇ જોતાં નથી. તેમની મદદ માટે આજે દ્રવ્યની જરૂર છે. મુંબાઇ શહેર અનેક પ્રકારે દ્રવ્યની મદદ કરે છે શા માટે અમદાવાદના તે ગૃહસ્થ તે જીલ્લાને સંભાળી ન લ્યે. અમે આશા રાખીયે છીયે કે પુજ્ય આચાર્યશ્રી આ બાબતમાં પુરતો વિચાર કરી કાર્યક્રમ ફેરવશે. આવી પરિસ્થિતિમાં સમાજના સમજુ અને ધનિક વર્ગે ચેતવાની જરૂર છે ને પોતાના નાણાંનો, બુદ્ધિનો ઉપયોગ સમાજના હિતાર્થે કરવાની જરૂર છે. સમાજ જીવતી હશે તોજ ધર્મ ટકશે. અસ્તુ.

## ઓ ?

સખી! મોહનાં તિમિરને ટાળવા રે,
કે સજ્યો પ્રભુજીએ ત્યાગ કેરા માર્ગને;
—આત્મન્ રમે સમભાવમાં.
સખી! જગનાં એ ઝેર કેમ વામશો?
કે હોમે જો ત્યાગમાંય રાગ કેરાં ઘેન જો;
—આત્મન્ રમે સમભાવમાં.

* * *

જૈન પત્રના નવા અંકના તંત્રીલેખમાં લખાયું છે કે, "વર્ષ પુરૂં થતાં વેપારી વેપારનું સરવૈયું કાઢે છે, તેમ (મુનિવરોએ) ચાતુર્માસનું સરવૈયું કાઢવાનો સમય હવે નજીક આવી પહોંચ્યો છે."

—આપણે રહ્યા વણિક. અને વણિકવૃત્તિજ એવી છે, કે નફા તોટાનો હિસાબ પહેલો મળે. આપણા વણિક સમાજમાંથી દિક્ષિત થયેલા અને વાતાવરણની અસરને લીધે ઘણુંખરૂં વણિકવૃત્તિથીજ ચાલનારા, આપણા સાધુ સમુદાયને એક વણિક પત્રકાર સરવૈયું કહાડવા સિવાય બીજી શી વિનંતી કરી શકે?!

* * *

વ્યક્તિગત કે સમષ્ટિગત જીવનમાં 'વિકાસ' થયો કે 'વિકાર' પેઠો એનું સરવૈયું નીકળે એમાં કોઇને વાંધો પણ શો હોય? અને તેમાંય જ્યારે સમાજ કે શાસનની ચઢતી થઇ કે પડતી થઇ તેનાં સરવૈયાં કાઢનાર ત્યાગમૂર્તિઓ હોય ત્યારે તો આપણે આપણાં સદ્ભાગ્ય માટે રાચવાનુંજ હોયને! પરંતુ ત્યાગ રાગથી ઘેરાઇ જ્યારે તાંડવનૃત્ય આદરે છે, ત્યારે શું દશા થાય છે, તેના દાખલા આપી જનતાને સમજાવવાનું શું હજુય બાકી છે?

* * *

મુંબાઇમાં બે, બે ચોમાસાથી દઢાસન લગાવી તપ આદરી રહેલા તપસ્વીઓને 'ઉપાધિ' અને 'શિષ્યો' ની સિદ્ધિ લાધવાની છે એમ 'ધર્મપક્ષ–શાસન સંઘ' (?) ના આગેવાનોની સહી સાથે બહાર પડેલી આમંત્રણ પત્રિકાઓ સુચવે છે. કોને કેટલું અને શું મળે છે તેની વિગતમાં ઉતરવા કરતાં એટલુંજ નોંધવું બસ થશે કે, સૌની ઇચ્છા પુર્ણ થતી હોય એમ દેખાય છે.

—અને આ બાબતમાં તો મૌન સેવવું તેજ ઠીક લાગે છે. પરંતુ વાજાં અને લાઇટની ધામધુમ કે વરઘોડા અને જમણવારના આડંબર વગર 'ઉપાધિઓ' ગ્રહણ કરવામાં કયો ગ્રહ આડે આવતો હશે તે નથી સમજાતું! તેમ પોતાને આંગણે મુક્તિ વધુ આદરી ચુકેલી પ્રજાના એક અંગના 'અમુક વર્ગ'ની આ મનોદશાને 'રાષ્ટ્ર-દ્રોહી' એ વિશેષણ સિવાય બીજું શું વિશેષ લગાડવું તે પણ નથી સમજાતું!

* * *

'પત્રિકા'નો વધારો '—હજુનો ઉઘાડાએલો પડદો' દૂર કરી 'સત્ય મિત્ર' હીન્દી જનતા સમક્ષ રજુ કરે છે. એટલે એ પડદાને પડેલોજ રાખવા એક ભાઇ કુદી પડે છે. અને એક હેન્ડબીલ બહાર પાડી જૈનેતરોને આંજી નાખવા 'વરને કોણ વખાણે: વરની મા' એ કહેવત અનુસાર 'ગુરૂદેવ'નાં વખાણ કરે છે અને 'યુવક સંઘ,' 'પત્રિકા'ના સંચાલકો, શ્રી મો. ગી. કાપડીઆ, અને શ્રી. પરમાનંદને મનગમતા ઇલકાબો આપી અંતમાં જાહેરને આમંત્રણ આપે છે કે:

"અહિંસા સંયમ તપનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવનાર મુનિ પ્રવરશ્રીનાં વ્યાખ્યાનો સાંભળવાને જૈનેતર જનતાને અમારી આગ્રહભરી વિનંતી છે. આજે જૈનોના ત્યાગની મહત્તા જોવી હોય તો સર્વને લાલબાગનાં દર્શન કરવા પધારવા સર્વ કોઇને વિનંતી છે."

—જૈન સમાજના આ કુળદીપક (?) ને કોણ સમજાવે કે, ઉપાશ્રયની ચાર દિવાલો વચ્ચે 'હાજી હા' કરનારાઓની સમક્ષ એ કહેવાતાં અહિંસા, સંયમ અને તપનાં વ્યાખ્યાનો આપતા પ્રવરશ્રીમાં તાકાત નથી કે હવે હીન્દી જનતાને સાચી અહિંસા, સંયમ અને તપ એ શું છે તે સમજાવી શકે. ધરાસણા, વડાલા, અને આઝાદ મેદાનમાં લાઠીઓની ઝડી ઝીલનારાઓને, જેલનાં અસહ્ય દુઃખો અને અગવડો સહન કરનારાઓને, અને લીધેલાં વ્રત પાળવા માટે ફના થઇ જનાઓને અહિંસા, સંયમ અને ત્યાગના પાઠ શીખવાડવાનો ફાંકો રાખનારની પામર મનોદશા ઉપર જાહેર જનતા આજે હાસ્ય કરે છે અને પુછે છે કે, "લાલબાગમાં કરવામાં આવેલા શણગાર, અન્ય ધામધુમો, આડંબર અને દિપોત્સવી પર્વમાં પણ મુંબઇએ આ વખતે નહી જોએલી એવી ઇલેક્ટ્રીક રોશનીએજ 'જૈનોના ત્યાગની મહત્તા છેને ?' અને ઉમેરે છે કે, સમાજમાં કલેશની હોળી સળગાવનાર અને 'રાષ્ટ્રપ્રેમ'ની લાગણી સાથે ચેડાં કઢાકનારાઓને અમારા નવ ગજના નમસ્કાર હો !"

* * *

વીરશાસનના ગયા અંકમાં મુખપૃષ્ઠ પર છાપેલું છે, કે: "પાપ પીપળે ચઢીને પોકારે છે."

—અને આમજ અમારા પડોશમાં રહેતાં એક ડોસીમા દરરોજ છોકરાઓની નાની સરખી નિર્દોષ ભૂલ પકડાઇ જતાં કાન પકડી શીખામણ આપે છે કે: "પાપ છાપરે ચઢીને પોકારે છે." પરંતુ 'પાપ' અને તેના 'તત્વજ્ઞાન'માં એકકો મ્હાલતાં એ ડોસીમા બીજાની ઢગલીમાંથી છાનામાનાં તપખીરની ચપટી ભરી સુંઘી લેવામાં જરાય 'પાપ' થતું હોય તેમ માનતાં નથી, કારણ કે એ તેમનો નિત્યનો વ્યવસાય છે. પણ એ નથી સમજાતું કે પાપમાં રચીપચી રહેલા બીજાનેજ 'પાપ' ન કરવાની શીખામણ આપવાની મૂર્ખાઇ કેમ કરતા હશે ? !

* * *

વીરશાસનના તંત્રીની ટેબલ પર પડેલા પત્ર નં. ૫ ના લેખક મહાશય એસ. ડી. શાહ પોતાના લખાણનો જવાબ આપનારાઓને ચેતવણી આપે છે કે "મને જવાબ આપવાની શરૂઆતમાં 'ધર્મસાક્ષીએ' શબ્દોમાં લખાણ કરવું (એટલે એમ લખવું કે—આ લખાણ હું ધર્મસાક્ષીએ લખું છું."

—આ શ્રીમાનનો આખો પત્ર શબ્દે શબ્દ જુદો પાડીને વાંચવા છતાં તેમણે ક્યાંય આવી પ્રતિજ્ઞા કરેલી નહી હોવાથી મારો બ્હુક 'વીરશાસન'ના તંત્રીને એક સૂચના કરવાની ભલામણ કરે છે જે અત્રે રજુ કરું છું:—

"વીરશાસન"ના તંત્રીએ એક ફતવો બ્હાર પાડવો કે જેમાં લેખકો, ખબરપત્રીઓ ઇ૦ ને નીચેની સૂચના હોય,—

—અમારા પત્રમાં લખી મોકલનારાઓ લખાણની શરૂઆત આમ કરે: ધર્મસાક્ષીએ મારા સાંભળવામાં આવ્યું છે કે—

" " જાણવામાં આવ્યું છે કે—
" " હું માનું છું કે—
" " મારો એ અભીપ્રાય છે કે—
" મને કહેવાની ફરજ પડે છે કે—ઇ૦

—આ સૂચના અન્વયે જણાવવાનું કે આથી અન્યથા વર્તનારના લેખ કચરાની ટોપલીને સ્વાધીન કરવામાં આવશે"

—આપણે ઇચ્છીએ કે તંત્રી મહાશય અનુકુળતાએ આ સૂચનાનો અમલ કરે !

* * *

"પ્રકૃતિ પોતાની સહસ્ર જીભ્હાવડે માત્ર એકજ વાક્ય નિરંતર ઉચ્ચારી રહી છે કે—'કાં તો આગળ વધો—ગતિ કરો અને નહિ તો તમારો વિનાશ અનિવાર્ય છે.' પડયા રહેવું—જોયા કરવું—ચાલવા દેવું એવો કોઇ તોડ પ્રકૃતિના પ્રદેશમાં નથી. હિન્દુ સમાજને માટે તેમજ જૈન સમાજને માટે આજે એકજ પ્રશ્ન છે— તે જીવંત રહેવા માંગે છે ?' જો જીવંત રહેવું હોય તો કેવળ 'ચાલવા દો' એ મુદ્રાલેખને અનુસરવાથી નહિ ચાલે શાસન, સમાજ કે સંસ્કૃતિને જીવંત રાખવી હોય તો તેની આસપાસ વિંટળાઇ ગયેલાં આવરણ—અંતરાય અને મેલનાં થર ઝાડી ઝપાટીને ખંખેરી નાખવા પડશે—એક તરફ કઠોર હાથે વાઢ કાપ કરવાનું અને બીજી તરફ સુંવાળા હાથે મલમપટ્ટા કરવાનું કામ આરંભવું પડશે. 'ચાલવા દો' ના મુદ્રાલેખવાળી પ્રજાઓને હજમ કરી જવામાં કાળે કોઇ દિવસ લેશ માત્ર કરૂણા દાખવી નથી"

('જૈન' પત્રના એક લેખમાંથી અવતરણ સં. ૧૯૮૨)

* * *

—આજથી પાંચ વર્ષ પર અપાએલી આ ચેતવણી આજે પણ સમજવાની નથી એમ કહેવાને કોણ તત્પર થશે ?......શું આપણે હજુય નહિજ ચેતીએ !

7/11/30 — FEDIST.

## અવનવું.

**વરઘોડાનો સત્કાર.**

દીક્ષાના પ્રસંગને લઇને શાસનપ્રેમી બંધુઓએ વરઘોડાનું પ્રોગ્રામ ગોઠવેલ હતું. વરઘોડાનો કેવો સત્કાર મુંબઇની જનતાએ કર્યો છે તે વાત જાણીતી છે. આખે રસ્તે શેઇમ શેઇમ ના પોકારો થતા હતા ભાડુતી પઠાણોની ધામધુમને ધર્મની સાથે સંબંધ હોય તેવું મુંબઇની જનતા સ્વીકારી શકે તેમ નથી. મી૦ ઘડીયાળી વરઘોડામાં હતા તેઓ શું ખુલાસો કરે છે તે જોવાનું છે.

છગનલાલ વી. શાહ તથા એમ. એમ ચોકશીએ અમારા પ્રગટ થયેલા વધારાનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે વસ્તુતઃ જાહેરનું પ્રગટ થયા વગર રહેતું નથી. એક લખે છે કે 'તે એક લાલબાગમાં આવનારાએ જાતે વાવટા ઉતારી નાખી ઝઘડાનું મોં કાળું કર્યું' ' મી૦ ચોકશી લખે છે કે 'જ્યાં યુનીયન જેક હતોજ નહિ ત્યાં શું ઉતારી નાખવાનું હોય. જેથી 'યુનીયન જેક' છે એવું જણાવનારને પશ્ચાતાપ કરી જવું પડશે હતું ' જનતા સારી રીતે જાણે છે કોણે વાવટા ઉતાર્યા ? મી ચોકશી તો લખે છે કે વાવટા ઉતાર્યાજ નહોતા. બપોરે લાલબાગની મુલાકાત લેનાર જાણે છે કે સવારે વાવટા હતા ને બપોરે બ્હારના ભાગમાં વાવટા હતા નહિ. માટે ઉપટીમુલાટી હકિકતો લખનારા ઉપરના લેખકોનો કેટલો વિશ્વાસ રાખવો તે સમાજે વિચારવાનું છે. બાકીના લેખકોએ જણાવેલી વીગતો સાથે વાવટાની હકીકતને સંબંધ નથી. મુનિશ્રી રામવિજયજી ઉપરાંત મી૦ છગનલાલ શાહ આ કાર્ય માટે કમીટીને જવાબદાર ઠરાવે છે કારણ કે કમીટી મુનિશ્રીને પુછ્યા વગર કે તેમની મરજી વિરૂદ્ધ કોઇ પણ પગલું ભરી શકેજ નહિ. વઢ ક નો જમણવાર મોટો હતો કે નાનો તે હકીકત તો હવે તેમના હેવાલો પ્રગટ થશે એટલે આપોઆપ જણાઇ જશે. રા. જમનાદાસ મહેતાએ મુનિશ્રીના રાષ્ટ્રિય ચળવળ સંબંધી વિચારો સાંભળ્યા નથી એટલે અન્ય વસ્તુનો અભિપ્રાય આ પ્રસંગે બંધબેસતો નથી જૈનોનો ત્યાગનો મહિમા જનતા ધામધુમોમાંજ સારી રીતે અનુભવી રહી છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૯૮૯ ચંદાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

યુવક સંઘ પત્રિકાનો વધારો. | સંવત ૧૯૮૭ ના કારતક સુદી ૧૫. તા૦ ૬-૧૧-૩૦ | છુટક નકલઃ ૦। આનો.

## રામવિજયજીના દંભનો ઉંચકાએલો પડદો.

ગઇ કાલે એટલે તા૦ ૫ મીએ ગાંધી ડે હતો તે અંગે પ્રભાતે ચોપાટી ઉપર ધ્વજ રોપણ, સરઘસો અને સભાઓની દીવસના ગોઠવણ હતી. તેમ મુંબઇએ પોતાનો ધંધો, રોજગાર બંધ કરી હડતાળ પાડી હતી. ત્યારે ભુલેશ્વર (લાલબાગમાં) બિરાજતા રામવિજયજીએ જાણે? ન સહન થતું હોય તેમ વિરોધ તરિકે, કે માબાપ સરકારની વફાદારી દેખાડવા કે બીજા કોઇ કારણે લાલબાગના મેદાનમાં યુનિયન જેકના વાવટાઓની લાઇનો બંધાવી લોકલાગણી ઉશ્કેરવાની પેરવી કરી.

ચોપાટી ઉપર ધ્વજ વંદન કરીને પાછી ફરતી જનતાની નજર લાલબાગ તરફ ગઇ; અને દીલ દુઃખાયું. આથી શાન્તિથી (લાલબાગમાં) રામભકતોને જનતાએ વિનવણી કરી. પણ તે માને? તેને તો ઉદ્ધતાઇ અને ધમકી ભરેલો જવાબ આપ્યો આથી લોકલાગણી વધુ ઉશ્કેરાઈ અને યુનિયન જેકના તોરણો ઉતારી નાંખી; તેજ મેદાનમાં થાંભલે જનતાએ રાષ્ટ્રિય ધ્વજ ફરકાવ્યો. આ દેશદ્રોહીવિરોધીઓથી સહન ન થયું, અને સાંભળ્યા પ્રમાણે રાષ્ટ્રિય ધ્વજ બાળી નાંખવાના તેમ માથા ફોડવાના જાસા નાંખવામાં આવ્યા. પ્રસંગે હાજર રહેલી જનતામાંથી સમજુ ભાઇઓએ સમયને ઓળખીને લોકોને વિખેરવા માંડયા. આથી લોકો વિખેરાતાં વિખેરાતાં જેમ આવે તેમ જૈન સમાજની નિંદા કરતા હતા.

ગઇ કાલે લાલબાગમાં જે પ્રસંગ ઉપસ્થિત થયો હતો તે પ્રસંગથી મુંબઇની જનતાને જાહેર કરવાની જરૂર જણાય છે કે લાલબાગમાં બિરાજતા રામવિજયને અને જૈન [illegible]તાને કશું લેવા દેવા નથી; પરંતુ અમારી સમાજની છિન્નભિન્ન દશા કરનાર સમાજ અને દેશદ્રોહ કરનાર રામવિજય કે તેના ગણ્યાં ગાંઠયા દેશદ્રોહી ભકતોનું એ કામ છે. જૈન શકિત અનુસાર ધર્મયુધ્ધમાં ભાગ આપી રહ્યા છે, તેમાં સેંકડો યુવાનો અને યુવ[illegible] દેશ માટે જેલમાં છે.

જનતા સમજી લે કે રામવિજય દેશભકત નથી પણ દેશદ્રોહી છે. તેને મહાત્માજી, ખાદી અને સ્વરાજને અંગે એના વ્યાખ્યાનોમાં અનેકવાર બખાળા [illegible] અને અમે અમારી પત્રિકા દ્વારા તે અંગે ન. છુટકે ટીકા પણ કરેલી છતાં તેના તેમના ગુરૂનો બચાવ કરવા વકીલ તરીકે બહાર પડેલા તે ઉપરથી અમોએ [illegible] કે એમાં સુધારો થયો હશે પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે ગઇ કાલે બનેલા [illegible] તેના દંભનો પડદો ઉંચકાઇ રામવિજય અને તેના દેશદ્રોહી ભકતોની મનોદશા જનતા[illegible]

જૈન બાંધવો, ગત પત્રિકામાં આપને ચેતવણી દેવામાં આવી છે છતાં [illegible] તા૦ ૯-૧૧-૩૦ ના રોજ રવીવારે રામભકતો મોટાં જમણવાર કરવાના છે. [illegible] જવા પહેલાં તારા અંતર આત્માથી વિચારજે કે ભારતના હજારો યુવાનો [illegible] જેલમાં છે. બારડોલી અને ગુજરાતના ખેડુતો [illegible] દુઃખો વેઠી [illegible] છે. તેની કરૂણ કથાઓ વાંચી, આતર [illegible] તે [illegible] આજ[illegible] પણ સાથ દેવાને ભારતમાતાના પુત્ર તરીકે [illegible]

[illegible]

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૬ મો. | સંવત ૧૯૮૭ ના કારતક વદી ૧૨. તા૦ ૧૭-૧૧-૩૦ | છુટક નકલઃ ૦॥ આનો.

## ભાઈ મનુભાઈ ઝવેરી.

### કોંગ્રેસના બુલેટીનના તંત્રી.

### લાંબી જેલ શિક્ષા.

ભાઈ મનુભાઈ એમ. ઝવેરી કોંગ્રેસ બુલેટીનના તંત્રી તરીકે તેના સાથેના કાર્યકર્તા સાથે સાડા તેર મહીનાની સખ્ત કેદની શિક્ષા પામ્યા છે. તે આપણા જાણીતા જૈન આગેવાન મોહનલાલ હેમચંદ ઝવેરીના ભાણેજ થાય. તે ભાઈએ વડાલાના મીઠાના અગરની ધાડમાં ભાગ લીધો હતો અને તે કારણે પકડાયા હતા પણ મેજીસ્ટ્રેટે તેમને નાની ઉમ્મરના ગણીને છોડી મુક્યા હતા. ત્યારથી અત્યાર સુધી કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં તેમજ કોંગ્રેસ હોસ્પીટલના કામમાં તેઓ ખુબ ભાગ લેતા હતા. તેમની ઉમ્મર અઢાર વર્ષની છે. તેમની સેવા તથા બલિદાન માટે તેમને ધન્યવાદ ઘટે છે અને દેશસેવા કરતાં કરતાં આપણા આવા ઉગતા જૈન યુવકને આટલી લાંબી જેલની સજા મળી છે તે માટે અમે તેમનું અત્રે અન્તઃકરણપૂર્વક અભિનંદન કરીએ છીએ અને અન્ય જૈન યુવકોને તેમને પગલે ચાલવા પ્રાર્થના કરીએ છીએ.

## સમાચાર.

**અભિનંદનનો મેળાવડો.**

માંગરોળ જૈન સભાના હોલમાં કારતક વદ ૬ ની રાત્રે શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક તરફથી જૈનોનો એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાને રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટર બિરાજ્યા હતા. પ્રારંભમાં રાષ્ટ્રિય પ્રાર્થના ગવાયા બાદ જેલમાંથી તાજેતરમાં છુટી આવેલા સ્વયંસેવક બંધુઓ રા. કીર્તિલાલ હીરાલાલ તથા વલ્લભદાસ રામજીને અભિનંદન આપતાં પ્રમુખશ્રીએ દેશની ચળવળ સંબંધી સુંદર વિવેચન કર્યું હતું. મહાત્મા ગાંધીજીની લડત જૈન સિદ્ધાંત સાથે કેવી રીતે બંધબેસતી છે તે દલીલોથી સમજાવ્યું હતું. લાઠીમારની વાત સાંભળી મહાત્માજીએ લીલા ફળ લેવાનું બંધ કરવામાં સમાયેલ રહસ્યનો આગમમાંથી ઉદાહરણ ટાંકી સ્ફોટ કર્યો હતો. આ પછી શેઠ જીવણચંદ ધરમચંદ, મણિલાલ જેમલ, પાનાચંદ શાહ તેમજ મોહનલાલ દી. ચોકસીએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં. જેલવાસી બંધુઓને હારતોરા અર્પણ થયા બાદ સભા વિસર્જન થઈ હતી.

## શાસનસેવાને નામે લાડવાનું લીલામ.

જૈન સમાજને અળખામણા થઈ પડેલ કલેશોત્પાદક ગચ્છાચાર્ય શ્રીમાન સાગરજીના નામધારી શાસનપ્રેમીઓ શાસન સેવાના નામે કેવા પ્રકારના ખેલ ખેલે છે તે હવે જૈન સમાજથી જાણ બહાર નથી આવોજ એક કીસ્સો પાટણ લીંબડીના પાડામાં બનવા પામ્યો હતો તે જૈન સમાજની જાણ માટે બહાર મુકું છું. લીંબડીના પાડામાં આજ સુધી શાન્તિ જળવાઈ રહી હતી તે કેટલાક શાસનપ્રેમીઓથી સહન થઈ શક્યું નહિં. પહેલાં તો વર્ષોના રિવાજ મુજબ દિવાળી પછી ચૈત્યપરિપાટી કરવા મહોલ્લાવાર ટોળાંઓ જતાં તેમાં આ વર્ષે શ્રીમાન લબ્ધીસુરી સાથે જઈને શાસનપ્રેમીઓએ મહોલ્લા અને ટોળાંઓની એકતાનો ભંગ કર્યો. આટલાથી અટક્યા હોત તો જુદી વાત હતી પણ લીંબડી પાડાની કાર્તક શુદી ૧૩ ના વર્ષગાંઠના પ્રસંગે પુરેપુરો ખેલ ભજવાયો. પહેલાં તો વિઘ્નસંતોષીના કાવાદાવાથી કોઈની ખાંતી આપવાની ઇચ્છાજ ન હતી પણ તેમનામાંનાજ વિશ્વાસુ માણસ તરફથી વચન મળ્યું કે બહિષ્કૃત કોઈ પણ માણસને લાવવામાં નહિ આવે ત્યારે ખાંતીઓ અપાઈ જમવા સમયે પહેલેથી નક્કી કરી રાખ્યા પ્રમાણે આઠ દિવસ પહેલાંજ નાગરીકનું શબ મરી જવાનો સોગ હોવા છતાં મહોલ્લાની ભાણેજ બહિષ્કૃત ભોગીલાલ હાલાભાઈની વહુ બાઈ છબીને લાવવામાં આવી અને સંઘના બધા ભાઈ બહેનો ભરે ભાણે ઉઠી ગયા ને વિઘ્નસંતોષીઓને ઉત્સવ થયો. બીજે દિવસે એ લાડુઓનું બબ્બે પૈસે લીલામ થયું. જોયું કે આ નાટક? બીજે દિવસે તો સાથા રંગાયા રહી ગયા એમ કહીએ તો ચાલે. એક ભાઈ પાસે મહોલ્લાના વ્યાજની માગણી થતાં તેણે સ્પષ્ટ જણાવ્યું કે એક વ્યક્તિના કહેવાથી પૈસા આપી શકાય નહિં મહોલ્લો એકત્ર થઈ માગે તો આપવામાં મને હરકત વાંધો હોયજ નહિં અને પછી તો પુછવુંજ શું ચાલ્યું વાક્યુદ્ધ અને તે શાસનપ્રેમીઓને જે વિષ હાડોહાડ પાવામાં આવે છે તે ઉગાડવા બીભત્સ ગાળો આપવા અને લાઠીના પ્રયોગો અજમાવી જોવા સુધીની નોબત આવી લાગી. આ સમાજના સત્યાનાશમાં રાચનારાઓના કારસ્થાનો હવે છુપાં નથી રહ્યાં! જૈન સમાજ ક્યાં સુધી આ અંધાધુંધી ચલાવી લેશે? કલેશ સમાધાનીના કેવા સુંદર પ્રસંગો દિનપ્રતિદિન બનતા જાય છે.

શાસનને નામે થતા આ અત્યાચારોથી શાસનના પ્રેમીઓ પણ કમકમતા જાય છે આંખો ઉઘડતી જશે તેમ સમયધર્મનો પ્રકાશ ધીરેધીરે પહોંચશે. તેને માટે લાખોના પાણી કરવાની જરૂર નથી.

આનંદ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# યુવક સંઘોનું સંગઠ્ઠન.

છેલ્લા બે વરસમાં જુદા જુદા સ્થળોમાં યુવક સંઘોની સ્થાપના થઇ છે. તે ઉપરાંત અન્ય નામથી જૈન યુવાનોના અનેક મંડળો સ્થપાયા છે. તે બધાંનો ઉદ્દેશ જૈન ધર્મની તથા કોમની સેવા કરવાનો હોય છે. શાસનપ્રેમીઓએ તે મંડળોની નિંદા કરવામાં ધર્મ માન્યો છે. તે ઉપરાંત તેમનો ધર્મ-ધામધુમો જમણવારોમાં સમાઇ જાય છે. યુવકોની ધાર્મિક પ્રવૃત્તિ કુપતા ક્ષેત્રોની પુષ્ટિમાં સમાઇ જાય છે. તે ક્ષેત્રની પુષ્ટિ કરવાના વિચારો આપતા કોઇ વ્યક્તિ અન્ય ક્ષેત્ર માટે અપેક્ષા ન રાખે તો શાસનપ્રેમીઓ પોકાર કરે છે કે આ યુવાનો-યુવક સંઘો તે તે ક્ષેત્રોને ઉખેડી નાંખવાવાળા છે. આવી ગંદી પ્રવૃત્તિ તે લોકો તરફથી સ્થળે સ્થળે ચલાવવામાં આવે છે. દીક્ષા મહોત્સવના વર્ણન આપરી તો તે પ્રસંગે પણ તેમની ગંદી પ્રવૃત્તિની રીત ભુલી શકતા નથી. ચાલુજ વીરશાસનમાં દીક્ષા મહોત્સવનો હેવાલ આપતા ખબરપત્રીના વર્ણનમાં સ્થળે સ્થળે તે હકીકત દ્રષ્ટિગોચર થાય છે. યુવાનોએ તેનું અનુકરણ કરવાની બીલકુલ જરૂર નથી પણ જે જે રચનાત્મક કાર્યો યુવાનોએ કરવાના છે તે કાર્યો કરવા માટે યુવકોના સંગઠ્ઠનની ખાસ જરૂર છે. દરેક સ્થળના સંજોગો જુદા જુદા હોય છે તેમજ કોઇ ચોક્કસ બાબતોને અંગે કોઇ કોઇ યુવક સંઘના વિચારો જુદા હોય પણ ખરા; પણ જે બાબતને અંગે વિચારની એકવાકયતા હોય તે બધી બાબતોને અંગે સહકાર સાધવા યુવક સમેલનની ખાસ આવશ્યકતા છે. તે માટે મધ્યસ્થ સ્થળ નકી કરવાની જરૂર છે. મોટું સમેલન હાલના વખતમાં ભરવાની અગવડતા લાગતી હોય તો દરેક યુવક સંઘના ચોક્કસ સંખ્યાના પ્રતિનિધિઓ એકત્ર થાય તો પણ ઘણો લાભ થવા સંભવ છે. ઠરાવો કરવા ઉપરાંત જે કાર્યપ્રણાલિકા નક્કી થાય તેનો અમલ કરવાના ઉપાયો યોજવામાં આવે, અગવડો આવતી હોય તે દુર કરવામાં બધા મંડળો સહકાર આપે તો ઓછે ખર્ચે ઘણું સારૂં કાર્ય થવા સંભવ છે. એકજ વિષય લેવામાં આવે ને તે વિષયને અંગે વિચારણા કરવામાં આવે તો પણ ઘણો લાભ થાય તેમ છે. આશા છે કે આ હકીકતને અંગે જુદા જુદા સંઘો પત્રવ્યવહાર કરી નિર્ણય ઉપર આવશે.

**ભાઇશ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા**

યુવકસંઘના મુખ્ય કાર્યકર્તા-યુવાનોના નાયક



જેમની ધરપકડ રવિવારે વીલેપારલે ખાતે થઇ છે. તેમનો કેસ મંગળવાર તા૦ ૧૮-૧૧-૩૦ ને રોજ બાંદરામાં ચાલવાનો છે. અમારા સહકારી બંધુને હાર્દિક અભિનંદન.

## મુંબઈ જૈન યુવક સંઘની સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની એક સામાન્ય સભા બુધવાર તા૦ ૧૯-૧૧-૧૯૩૦ ના રોજ રાત્રીના (સ્ટા. ટા.) આઠ કલાકે શ્રી સંઘની ઓફીસમાં મળશે. તે પ્રસંગે સર્વ સભ્યો એ અવશ્ય હાજર થવા વિનંતિ છે.

(૧) ભાઇશ્રી પરમાનંદ કુંવરજીની ધરપકડ માટે અભિનંદન.

(૨) નવા વરસના કાર્યક્રમ સંબંધી વિચાર કરવા.

(૩) બંધારણની કલમોમાં ફેરફાર

(૧) મેનેજીંગ કમિટિના સભ્યોની સંખ્યા હાલ ૨૦) છે તેને બદલે ૧૭ ની રાખવા. તેમાં બધા સેક્રેટરીઓનો પણ સમાવેશ થશે.

(૨) વધુમાં વધુ ત્રણ સેક્રેટરીઓ ચુંટવામાં આવશે.

ઉપરના સુધારા પાસ થશે તો કોઓપ્શનના મેમ્બરના વધારા સાથે મેનેજીંગ કમિટિના સભ્યોની સંખ્યા ૨૨) ની થશે

ઠેકાણું: નં. ૧૯૮ ચડાખાવાલા બીલ્ડીંગ, પહેલે માળે, આર્યનિવાસલોજની સામે, મસ્જીદબંદર રોડ

લી૦ મંત્રીઓ,
**ગાંધી જમનાદાસ અમરચંદ,**
**રતીલાલ ચીમનલાલ કોઠારી,**
શ્રી જૈન યુવક સંઘ.

તા. ક. સં. ૧૯૮૭ ની સાલનું લવાજમ શાથે લાવવા નમ્ર સુચના છે.

# આ તે ધર્મપ્રભાવના ?

શ્રી મહાવીર દેવના ધર્મનો જયજયકાર થાય એ કોને ન ગમે? અરે જૈનેતરો પણ એની અનુમોદના કરે, એ સારૂ રથયાત્રા કે મહોત્સવો આદિ ખાસ યોજવાના આદેશો દેવાયલા, પણ એ બધું શોભે ત્યારેજ કે જ્યારે દેશમાં શાંતિ પ્રવર્તતી હોય.

પ્રભાવનાનો હેતુ બર લાવવા સારૂ જનતાની મનોદશા પરત્વે ખાસ નજર દેવાની છે. જે કાળે દેશ આરિક પળોમાંથી પસાર થતો હોય, અને કટોકટીનો મામલો ચાલી રહ્યો હોય તેવા સમયમાં જુના ચરમે 'શાસનરસી સવિજીવ કરૂં' ની ઉપરછલ્લી ભાવનાથી બહાર આવનાર ઇતર સમાજને શાસનરસિક કરવાને બદલે તિરસ્કાર કરવાના સંયોગમાં મૂકી દે છે.

મુંબાઈએ એ વાતનો અનુભવ તાજેતરમાં કરી લીધો છે. ધાર્મિક મહોત્સવના શુભ ટાણે ઇતર જનતાના મ્હોંમાંથી 'શરમ-શરમ' ના પોકારો સાંભળવાનો પ્રસંગ જો જૈનો માટે નોંધાયો હોય તો એ પ્રથમજ છે અવશ્ય જૈન સમાજનો વિશાળ સમુદાય એથી અલિપ્ત રહ્યો છે છતાં ધર્મઘેલી ગુરૂના અનુચિત આડંબરે અને પ્રેમલા ભક્તોની ગાડરીયા વૃત્તિએ 'જૈનો' ના નામે એ ટીકા લાવવાનો અણુગમતો માર્ગ લીધો તેથીજ એમ બનવા પામ્યું છે.

દિક્ષાના વરઘોડામાં વાજા વાગવાજ જોઇએ, અરે જમણુ ઉડવાજ જોઇએ એવું કહેનાર પ્રેમલાભક્તો ને કહેવાતા સુવિહિતો સિવાય ભાગ્યેજ કોઇ હોઇ શકે. જૈનધર્મ બાહ્યાડંબર પર અંશુ વજન મૂકતોજ નથી. શ્રીમદ્ યશોવિજયજી જેવા મહાત્માએ એવા આડંબરની નિમ્ન શબ્દોમાં ટીકા કરી છે. 'ધુમધામા ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર' અલબત બીજા પ્રસંગે એ સાધનોથી બાળ પ્રજા આનંદ પામે પણ તે વગર ધર્મના કાર્યો થાયજ ન શકે એમ કહેનારા તો ભીંત ભૂલી ગોથાજ ખાય છે એમ કહેવામાં જરા માત્ર અતિશયોક્તિ નથી. ધર્મ કંઇ પુદ્ગલ સાથે નહિં પણ આત્મા સાથે સબંધ રાખનારી વસ્તુ છે. એની વૃદ્ધિનો સાચો માપ પરિણામ દ્વારા માપી શકાય છે. તેથીજ કહેવું પડે છે કે દેશકાળ જોયા વગર, પાડોસી વર્ગની લાગણી પર લક્ષ દીધા વગર ઝુનમાં આવી સમયને માટે અશોભનીક માર્ગો ગ્રહણ કરી ધર્મને નામે પ્રચાર કરવા બહાર પડવું એ નરી ઘેલછાજ છે. એમાં ધર્મની શોભા નથી થતી પણ નિંદા તો થાય છેજ. એક તરફ માથા ફુટતા હોય કિંવા ગોળીઓ ચાલતી હોય એવા દુઃખદ પ્રસંગે બેન્ડ ન વાગ્યા હોત તો, અને ભરી સુરમા ન ઉડયા હોત તો શું ખોટું દેખાવાનું હતું? આપણે 'સહણ' જેવા સમયે વ્યવહારનું અનુકરણ કરી ધર્મના કાર્યો સુદ્ધાં શું બંધ નથી રાખતા? સામાન્ય રાજ્ય કરતી વ્યક્તિનો શોક પ્રસંગ હોય છે તો તે પણ ધ્યાનમાં લઇ તેટલો સમય શુભ કાર્ય અટકાવી દઇએ છીએ અને ન અટકી શકે તેવા હોય તો વિના ધામધુમે ચલાવી લઇએ છીએ એ સર્વ કોઇના અનુભવનો વિષય છે છતાં જ્યાં ઇરાદાપૂર્વક દેશની હીલચાલ સામે મુજ ફેંકવાની વૃત્તિ હોય ત્યાં આ ક્યાંથી સમજાય? નહિં તો અવશ્ય સમજવું જોઇએ કે દેશપરની આપત્તિ એ સર્વ કરતા વધુ સંભાળવા જેવો પ્રસંગ છે.

પણ અફસોસ છે કે મુખમેં લાંબી લાંબી શાસન સેવાની વાતો કરનાર વર્ગ આજે આચરણમાં તદ્દન છેલ્લે પાટલે ઉતરી ગયેલ છે. આજે તેને વિદેશી સાડીઓના પહેરવેશમાં પ્રિલિકડીક લાઇટના સંખ્યાબંધ દીવામાં, કોઠીબંધ બેન્ડના ધોંધાટમાં અને ભરી સુરમાના મિષ્ટાન્નમાં મહાન ધર્મ ઉદ્યોત જણાય છે. મોટી શાસન સેવા દેખાય છે! એને મન ખારડોલી કે બેડાની પ્રજાના સંકટોની આઝાદી માટે યાતના સહન કરતા દેશ સેવકોની કંઇજ કિંમત નથી. તે વિના મહાન ધર્મ ઉદ્યોતમાં ખાદીના દર્શન થવા પામે રહે ખરા? અરે કેશરીયા સાડીના તો બહુ માન હોય? પણ શુષ્ક હૈયામાં શાન્તતા! બીજુ ન કરી શકો તો ઉજ્જડ પડેલા ગામડામાં રહેલા પશુઓની દયા ચિંતવી આલમલીલા મોકુફ રાખી બચત રકમ તો ત્યાં મોકલાવો. રખે કહી દેતા કે કર્મનો દોષ!

# એક શાસનપ્રેમીની આપવીતી.

યુવકસંઘ પત્રિકાના તંત્રી જોગ,

નીચેની બીના આપના પ્રસિદ્ધ પેપરમાં પ્રગટ કરવા કૃપા કરશોજી.

મારા વહાલા સાધર્મી બન્ધુઓને મારી નમ્રપણે અરજ એ છે કે હાલમાં જ્યારથી આ મોહમઇ નગરીમાં મુનીપ્રવર શ્રી રામવિજયજી લાલબાગના ઉપાશ્રયમાં પધાર્યા ત્યારથી હું તેમના વ્યાખ્યાનો સાંભળવા જતો હતો, અને તેઓશ્રીની વિદ્વતા અને વકૃત્વશક્તિથી આકર્ષાઇ હું તેમના શાસનપક્ષમાં ભળેલો છું. કોઇપણ વિદ્વાન મુનીરાજનું વ્યાખ્યાન સાંભળવું એ સંસ્કાર મારા જીવનમાં જ્યારથી હું જૈન ધર્મ વિષે થોડું ઘણું જાણતો થયો ત્યારનો છે. અને મારા મુંબઇના વસવાટ દરમ્યાન દરેક વખતે આવો લાભ લેવા હું કદી ચૂકતો નથી, એમ મને પીછાણનારા સૌ કોઇ જાણે છે. મુનિપ્રવર ઓતા વર્ગને ઉદ્દેશીને ઘણીવાર ચેલેન્જ કરીને કહે છે કે કોઇને કાંઇ ન સમજાય અને શંકા પડે તે બેધડક પૂછી શકે છે. કોઇ મુનિરાજ એટલા વિદ્વાન ન હોય તો આવી ચેલેન્જ કરતા નથી અને ત્યારે શ્રોતા વર્ગ જે કાંઇ સમજાય તે ગ્રહણ કરી સંતોષ પકડે છે અને વધારે ઉંડું વટમાં ઉતરતા નથી. મુનીપ્રવરને મેં ઘણીવાર પ્રશ્નો કરેલા અને તેના સમાધાન તેમના ક્ષયોપશમ પ્રમાણે કરેલા. અમારો આવો સંબંધ પહેલા ચોમાસા સુધી નિર્વિઘ્નપણે ટકી રહ્યો. પણ જ્યારે મુનિશ્રી ખડક પર પધાર્યા ત્યારે વાડીમાં વ્યાખ્યાન પછીના ટાઇમે એકાંતમાં જ્યાં તેઓ બેસતા હતા ત્યાં મેં એક વખત ખાદી અને કેસરની ચર્ચા કરી તે વખતના તેમના સમાધાન મને રૂચ્યા નથી એમ જ્યારથી તેમના જોવામાં આવ્યું ત્યારથી તેમણે મારી સાથેનું વર્તન બદલવા માંડ્યું. મારા પ્રશ્નો પરત્વે શંકાની દૃષ્ટિએ જોવા લાગ્યા. આ પરિસ્થિતિ જોઇ મેં પણ પૂછવાનું ઓછું કરી નાખ્યું. છેલ્લા બે માસ થયાં દિક્ષાનો અગત્યનો વિષય ચર્ચાતો હતો ત્યારે સ્વભાવીક રીતે કોઇવાર પૂછવાનું મન થઇ આવતું અને ત્યારે વિનયપૂર્વક પૂછવામાં આવતું છતાં કોણ જાણે કોઇના ભરમાવવાથી કે અન્ય કોઇ કારણે મારા તરફ એક વિરોધીના જેવો વર્તાવ કરવા લાગ્યા અને તેથી કરીને તેમનો ભક્તવર્ગ મારા પર ઘણો ચીડાવા લાગ્યો. કોઇ કોઇ તો અપમાન પણ કરતા

શાસ્ત્રાર્થવાળાની દુનીયાળો ચસકની જેવો હું આવી પરિસ્થિતી ઉભી થતાં પણ મન પર કાબુ રાખી સાંભળવાના પ્રલોભનને છોડી શક્યો નહિ. અને કંઇ દિવસો સુધી મેં આવો સંયમ જાળવ્યો. છેવટે માગ કારતક વદી ૨ ના દિવસે મેં પ્રશ્ન કર્યો તેના જવાબમાં મને એવો તો ખરાબ ચીતર્યો કે સમાજનો મારા પર ધીક્કાર વર્ષાવવા લાગ્યા. તે દિવસનું સઘળું આખું રૂપક જોઇ હું અકળાઇ વ્યાખ્યાને ચાલી ગયો કારણ કે વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ બધા ઉઠશે ત્યારે જરૂર મારા પર આક્રમણ થશે એમ મને લાગ્યું તેજ દિવસે દીક્ષાનો વરઘોડો હતો. તેમાં ભાષણબાજી જતાં મુનિશ્રીના બે ત્રણ ભક્તો નિષ્કારણ મારી ઉઠતી કરી ટોણા મારવા લાગ્યા. આ સ્થિતી જોઇ કારતક વદી ૪ ના વ્યાખ્યાનમાં જવાનો વિચાર મેં માંડી વાળ્યો. પણ હું મારા ઘરકામે પાંજરાપોળ ગલીમાં થઇને જતો હતો ત્યારે મુનિશ્રીના બે ત્રણ ભક્તો વ્યાખ્યાન સાંભળીને આવતા હતા તેમણે મને બોલાવ્યો, ઉભો રાખ્યો અને કહ્યું તમારે મહારાજ સાહેબને સભામાં પ્રશ્ન કરવો નહીં, મેં કહ્યું ઠીક ભાઇ બીજને દિવસે મહારાજશ્રીએ મને સભામાં નહીં પૂછતાં ઉપર આવીને પુછવા જણાવેલું છે અને હવે પછી તેમ કરવાનો મેં વિચાર રાખ્યો છે. આટલી વાત સ્વીકારવા છતાં મને ધમકાવવા માંડ્યો અને કહ્યું કે જો હવે પછી પૂછશે તો તારી બરાબર ખબર લેવાશે. મેં કહ્યું શું કરશો વ્યાખ્યાનમાં આવું શીક્ષણ લઇ આવ્યા છો. તેવામાં તેઓ મારાપર તુટી પડ્યા. બે ત્રણ ધોલો મારી મારી માથેની ટોપી ઉડીને કચરામાં પડી. એક ભાઇ જેને હું પહેલાં તે ટોળામાંનો માનતો હતો અને તેઓ તે પક્ષનો હોય પણ તેનાથી મારાપર થતો અન્યાય ખમાયો નહીં, તે ભાઇએ મારનારને અટકાવી એકાદ ધોલ ઝીલી લીધી અને એટલો પણ મારો બચાવ કર્યો આ વખતે આ ભાઇ સિવાય નજરે જોનાર બીજું કોઇ ન હતું. તેથી આ લેખથી હું એ ભાઇને વિનંતી કરૂં છું કે મને એક વખત ગુલાલવાડીમાં ખોજાની ચાલીમાં ચોથે માળે આવીને મળી જશો તો આપનો હું બહુ ઉપકાર માનીશ. આ બનાવ બન્યા બાદ ટોપી લઇને તરત હું પહેલાં મુની પ્રવર પાસે ગયો અને બધી હકીકત સંભળાવી. ટોપી બતાવી તેના જવાબમાં મુનિશ્રીએ પહેલાં તો કહ્યું કે તમે જાણતા કાંઇ નથી અને શીખાઉ બહુ કરો છો. આમ તમે બોલ્યા અને તમને માર પડ્યો તે હું માની શકતો નથી. અત્યારે અમારે ઘણાં અગત્યના કામો કરવાના છે એમ કહી ભક્ત ટોળીઓ જોડે મસલતમાં પડ્યા અને એક ભક્તે ઉઠીને મારૂં બાવડું પકડી મને બહાર લઇ આવ્યો. એક ભક્ત તો મુનિશ્રીના સમક્ષ વાત કરતો હતો ત્યારેજ ઉછળી પડ્યો હતો કે તમારેથી કોઇ નહીં પૂછાય, નહીં પૂછાય. ત્યારે મેં કહ્યું કે મહારાજશ્રી સૌ કોઇને પુછવાની છુટ આપે છે તેથીજ પુછીએ છીએ. દરવાજા બહાર નીકળતાં મુનિશ્રીનો એક ભક્ત જે અમારા માળામાં રહે છે તેણે મને કહ્યું તમારા જેવા બાબટા કંઇ માર્યા આવે છે. આ ભાઇ માળામાં આવ્યા અને આખા માળાએ જ્યારે તેનાપર ફરતાળ પાડવા માંડ્યો ત્યારે કહે છે કે મેં તેમને કહ્યું નથી પણ મોતીચંદ કાપડીયાને કહ્યું છે. આવો હડહડતો જુઠો બચાવ કરે છે. ઉપરની દરેક બાબતના સાક્ષી પુરાવા મારી પાસે છે. આ લખાણ કરવામાં મારો મુદ્દો એટલોજ છે કે મહારાજ સાહેબ આ સારૂં કરતા નથી. સભામાં પૂછનારા કંઇ કંઇનું અપમાન કરી નાખે છે, અને કોઇક વાર તો કંઇ કોઇને એવા તો ખરાબ ચીતરે છે કે સાંભળનારને તેમના પ્રત્યે ધીક્કારની લાગણી ઉદ્ભવે સાધુ મહાત્માની મનોદશા આવી હોવી ન ઘટે. જે માણસ સભામાં હાજર ન હોય, જેની સાથે તેમને કાંઇ નીસ્બત ન હોય તેની હીન હલકી નિંદા અને ઉતારી પાડવાની પ્રવૃત્તિ કેમજ થાય. આજકાલના મહાત્માઓ શું ભક્તવર્ગની સાથે વાતવાતમાં લડી પડતા હતા, અને સાંભળનારાઓને ખરી સ્થિતીમાં મુકી દેતા હતા. આ એક દુઃખદ ઘટના છે. હું તો માનું છું કે જો આવી ને આવી સ્થિતિ ચાલુ રહી તો જૈનશાસનનો ઉદય નહિ પણ અધઃપાત છે, પોતાની માન્યતાવાળાજ સાચા અને બીજા બધા ખોટા એ ન્યાય કયાંનો આવો હશે તો કોઇ પુર્વાચાર્યે પણ કર્યો નહિ હોય તો મારી મહારાજ સાહેબને નમ્ર વિનંતી છે કે આપ આ પ્રકારનું વર્તન છોડી સીધા અને સરળ માર્ગે ભક્તગણને દોરી જાવ કે જેથી શાસનની શોભા વધે. નહિ તો આજ સુધીનો આપનો ભક્ત હું આજે આટલું લખવાની દુઃખદ પરિસ્થિતીમાં મુકાયો છું એવા પ્રસંગો ભવિષ્યમાં અનેક આવશે. આપ એમ નહિ માનતા કે આપની પાસે આવનારાજ ધર્મી છે બાકીના બધા અધર્મી છે. જૈનશાસન જે જયવંતુ વર્તે છે તે કોઇ એક વ્યક્તિના ઉપર નથી ચાલતું. વખત એવો આવે છે કે દરેક સારાં કાર્યો હળીમળીને કરવામાંજ શાસનની શોભા છે અને તેમાંજ સાચો વિજય છે. બાકી નાનો નાનો વાડો બાંધી સમાજની છિન્નભિન્ન દશા કરી મુકશો તો ભવિષ્યની પ્રજા જરૂર શાપ દેશે. આપ એમ નજ માનતા કે આપના ભક્તવર્ગ સિવાય કોઇ આગમને માનતું નથી. આગમ અને આજ્ઞા તો દરેક સાચા જૈનને એટલાંજ પ્રિય છે. આગમ એ કોઇની ખરીદેલી વસ્તુ નથી. જે ધર્મને વિશ્વધર્મ તરીકે ઓળખાવતો હોય તેને માટે આવી સંકુચીત મનોવૃત્તિ કેમ? આપ આપણી સમાજમાં ધાર્મિક વિષય પરત્વે ભારે અજ્ઞાનતા જોઇ નથી શકતા. આપ તે દુર કરવા કયા પ્રયાસો કરી રહ્યા છો. મારી માન્યતા એવી છે કે માણસ જેમ જેમ જ્ઞાનમાં ઉંડો ઉતરતો જશે તેમ તેમ તેનો સંસાર ઉપરનો મોહ ઘટવા માંડશે અને એક દિવસ એવો આવશે કે જ્યારે સર્વવિરતિને આપોઆપ સ્વીકારવા તૈયાર થશે. આપ કહી શકો છો કે શ્રીમાનનું અજ્ઞાન ટાળવા તો હું રોજ વ્યાખ્યાનો કરૂં છું. આપ જરા સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચાર કરી જોશો કે આવડી મોટી સભામાં તેને ઝીલવાવાળા કેટલા છે. ઉપદેશ તો એવો આપવો જોઇએ કે સૌ કોઇ કંઇને કંઇ પામીને જાય. શાસ્ત્ર ભણવાના નીયમો કરશો ને પુસ્તકો વાંચશે તો ઘણી મુશ્કેલી જશે, ગુરૂઓ આવતા જશે અને એક દહાડો લાગણી ઉભી થવા વાટ થશે. આપ વિદ્યાપીઠો ન સ્થપાવી શકો તો આટલું તો જરૂર કરશો એવી નમ્ર પ્રાર્થના છે. આપ જેવા વિદ્વાનને માટે આટલું લખી વિનિતપણાને નાખી છાજતી દુઃખદ ફરજ બિન હકથી બજાવવી પડે છે તે માટે અંતમાં મારી ચડી આવેલું લખાણ પુરૂં કરૂં છું.

હું છું શ્રી સંઘનો આજ્ઞાધીન સેવક,
લક્ષ્મીચંદ જીવરાજ શાહ.

આ પત્રિકા અંબાલાલ સ્માર્ત પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૯૮, ઘડીયાળાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

કૉન્ફરન્સ અને યુવકો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૭ મો. | સંવત ૧૯૮૭ ના માગશર સુદી ૪. તા૦ ૨૪-૧૧-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## પત્રિકા માટે.

સંસ્થાની ઓફીસમાં તા૦ ૨૩-૧૧-૩૦ ના રોજ મળેલી સામાન્ય સભાએ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો કર્યા છે.

**અભિનંદન.**

આપણા સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને વિલાપારલા મહાસભા સમિતિના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ. એલ. એલ. બી જેઓની ધરપકડ થઇ છે, તેઓને આ સભા હાર્દિક અભિનંદન આપે છે.

**બંધારણમાં ફેરફાર.**

બંધારણની કલમ નવ રદ કરવામાં આવી અને કલમ ૧૦ માં નીચે મુજબ ફેરફાર સાથે રાખવામાં આવી.

૧ વાર્ષિક સભા ચાર મંત્રીઓ સાથે કુલ વીસ સભ્યોની કાર્યવાહક સમિતિ ચુંટશે અને આ પ્રમાણે બનેલી કાર્યવાહક સમિતિ સામાન્ય સમિતિના સભ્યોમાંથી વધુમાં વધુ પાંચ સભ્યો ચુંટીને સમિતિમાં ઉમેરી શકશે.

૨ સામાન્ય સભાનું કોરમ અગીઆર સભ્યોનું ગણવામાં આવશે. બાદ નવા વર્ષના કાર્ય પરત્વે ખુબ વિચાર ચલાવ્યો હતો અને તે અંગે વધુ વિચાર બીજી સામાન્ય સભાપર મુલતવી રાખ્યો હતો.

## સામાન્ય સભા.

આ સંઘની એક સામાન્ય સભા શનીવાર તા. ૨૯-૧૧-૩૦ ના રાત્રીના ૮ વાગે (સ્ટા. ટા.) સંસ્થાનની ઓફીસમાં નીચેના કાર્ય પરત્વે વિચાર ચલાવવા મળશે, તો દરેક સભ્યોને વખતસર આવવા વિનંતી છે.

**કાર્ય.**

૧ બહારગામના યુવક સંઘો તેમજ યુવકબંધુઓ જેઓ સભ્ય તરિકે દાખલ થવા ઇચ્છે છે તેઓને સંસ્થાના મેમ્બર તરિકે ગણવા કે નહિ તેનો નિર્ણય કરવા.

૨ નવા વર્ષનો કાર્યક્રમ નક્કી કરવામાં આવશે.

૩ મંત્રી તરફથી રજુ થતા કાર્ય પર વિચાર ચલાવવામાં આવશે.

લી૦

**રતીલાલ સી. કોઠારી.**

મંત્રી : શ્રી મું. જૈ. યુ. સંઘ.

તા. ક.—ચાલુ વર્ષનું લવાજમ જે સભ્યોએ ન આપ્યું હોય તે ભાઇઓએ તુરત પહોંચાડવા કૃપા કરવી.

## પ્રચાર કાર્ય.

પાલણપુર જીલ્લામાં રા. મણીલાલ ખુશાલચંદ ફરી રહ્યા, વડગામ જતાં જાહેર સભા ભરી રાષ્ટ્રિય હિલચાલ, ખાદી પ્રચાર, દારૂનિષેધ વિગેરે માટે વિવેચનો કર્યા હતા. કોન્ફરન્સના હેતુઓ સમજાવી પાઠશાળા તથા પુસ્તકાલય ચાલુ કરવા નિશ્ચય કરાવ્યો હતો. રાષ્ટ્રિય હિલચાલ માટે ભાષણો આપ્યાં ત્યાં મુનિશ્રી હંસવિજયજી મહારાજે ઉપદેશ આપતાં દેરાસર બંધાવવા રૂ. ૧૫૦૦) માં આદેશ અપાવ્યો અને તે કાર્ય માટે કમીટી નિમાણી.

સંસ્થાનું મુખપત્ર જૈન યુગ હવે પછી પાક્ષિક પ્રગટ થશે અને તે માટે ડેકલેરેશન નોંધાવવામાં આવ્યું છે.

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

**વર્કિંગ કમિટિની બેઠક.**

આ સંસ્થાની વર્કિંગ કમિટિની એક બેઠક તા૦ ૨૨-૧૧-૩૦ શનિવારના રોજ કોન્ફરન્સની ઓફીસમાં શેઠ રવજી સોજપાળના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે નીચેના ઠરાવો સર્વાનુમતે પાસ થયા હતા.

**ભાઇ પરમાનંદને અભિનંદન.**

આપણી સ્ટેન્ડીંગ કમિટિના માનદ્ સભ્ય અને વીલેપારલે મહાસભા સમિતિના મંત્રી ભાઇ પરમાનંદ કુંવરજી કાપડીઆ જેઓ સામાજીક તેમજ ધાર્મિક સુધારાના પ્રખર હિમાયતી તરીકે આખી જૈન સમાજમાં પંકાયેલા છે તેમની ધરપકડ માટે આજની આ મિટિંગ તેમને અભિનંદન આપે છે.

કોન્ફરન્સ અથવા તો સ્થાયી સમિતિની તથા સંભાવિત પ્રાંતિક આગેવાનોની બેઠક બોલાવવા સંબંધી વિચાર કરી નિર્ણય કરવાનો પ્રશ્ન બે માસ મુલતવી રાખવાનો નિર્ણય થયો હતો.

શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ સોલીસીટરની રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે નીમણુંક કરવામાં આવી હતી.

શ્રી સેરીસાપુર તિર્થના ચાલતા કેસને લગતા કાગળો વાંચી રીપોર્ટ કરવા ભાઇ મકનજી જે. મહેતા ભાઇ ચીનુભાઇ લાલભાઇ સોલીસીટર અને ભાઇ મોહનલાલ બી. ઝવેરી સોલીસીટરની સબકમિટી નીમવામાં આવી હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# કોન્ફરન્સ અને યુવકો.

જુન્નર અધિવેશન પછી કોન્ફરન્સના કાર્યોમાં નવો વેગ આવ્યો છે એમાં તો શંકાજ નથી. હિન્દના પ્રત્યેક ખુણામાં એના કાર્યો સંબંધી ઉહાપોહ થયો છે. એના બંધારણ પરત્વે વિચારણા ચલાવાઇ છે અને એમાં મુખ્ય સંસ્થાના સંચાલકોએ પણ ઘટતો ભાગ લીધો છે. જેના અંતરમાં નરી મલિનતા ભરેલી છે અને જેને બારમા કે તેરમા સિવાય ભાગ્યેજ બીજાં સ્વપ્નાં સેવવાના હોય છે તેને મન ભલેને કોન્ફરન્સનું દફન થયું હોય! પણ જેની ચક્ષુઓ ખુલ્લી છે તેઓ સ્પષ્ટ જોઇ શકે છે કે પૂર્વ કરતાં કોન્ફરન્સ વધુ કાર્યકર બની રહી છે. રાષ્ટ્રયજ્ઞમાં પણ એ શ્રીમતીએ ઉચિત ફાળો નોંધાવ્યો છે. આ બધામાં યુવકોનો સહકાર તો હોયજ. આજે પ્રૌઢો સામે યુવકોએ સંગ્રામ માંડવાનો નથી. ઉભયે હસ્તમાં હસ્ત મિલાવી એ જૂની છતાં પ્રતિભાસંપન્ન સંસ્થાને વર્તમાનકાળને અનુરૂપ સ્વાંગ સજાવી ગામે ગામ અને શહેરે શહેર એના પુનિત પગલા કરાવવાના છે. બંધારણ જ્યારે નિશ્ચિત થઇ ચુક્યું છે અને શિવાજી મહારાજની પવિત્ર જન્મભૂમિમાં એને પુનઃ સજીવનના ધારી પ્રગતિના પંથે કુચ કરવાના પચ્ચખ્ખાણ લીધા છે ત્યારે એના અધિવેશનો અને એના ઠરાવો નિયમિત અને અમલી હોય એમાં શંકાને સ્થાન નજ હોય. જરૂર આ કાર્યને અપનાવી લેવ નો બોજો યુવકોના મસ્તકે સ્થાપન કરાય. યુવકોએ સહર્ષ એ ઉપાડી લેવો ઘટે. આજે ભાગ્યેજ કોઇ મોટું શહેર એકાદા યુવક સંઘ કે યુવક મંડળ વિહુણું હશે! બીજાં ઉદ્દેશોને ઘડીભર બાજુપર રાખીયે તો પણ દરેકનો એ ઉદ્દેશ તો અવશ્ય હોવાનોજ કે કોન્ફરન્સ જેવી સંસ્થાના ઉદ્દેશો પાર પાડવામાં યથાશક્તિ સહાય કરવી. ધાર્મિક, સામાજીક કે રાજકીય વિષયમાં યુવકો જે ભાવના ધરાવે છે તેનો મધ્યમસર પડઘો પાડતી જો કોઇ સંસ્થા હોય તો તે આપણી કોન્ફરન્સ છે.

યુવકો! દેશની હીલચાલમાં તમારો ફાળો અવશ્ય પ્રશંસનીય છે અને એ રહે એમાં સારી સમાજનું ગૌરવ છે. ઉપરાંત તમો સર્વને સંગઠિત બની કોન્ફરન્સ જીન્દાબાદ કરવાના આમંત્રણ છે. પ્રેમલા ભાઇઓ આપણને આપણામાંના એકાદા યુવકના શબ્દો પકડી લઇ ગમે તેટલા નિંદાપાત્ર બનાવવાના કે અધર્મી ગણાવવાના મહાભારત પ્રયત્નો આદરે. આપણને તેની ભાગ્યેજ દરકાર હોય. આજે આપણા બીજા મંતવ્યોને ગૌણ બનાવી મુખ્ય લક્ષ્ય સંગઠન પર ચોંટાડી એકત્ર વાવટા હેઠળ આપણે ઉભવું જોઇએ. આપણા સર્વોને મંડળો જરૂર આજે એકાદની લાકડીએ રમતા ખાતાઓ નથી એ આપણા માટે શોભારૂપ છે; પણ એ કાર્યને એકાદ મધ્યવર્તી સ્થલે એકત્રીત થઇ નિયંત્રીત કરવું જોઇએ કે જેથી ભવિષ્યમાં આપણાદ્વારા થતા પ્રત્યેક કાર્યનો પડઘો એક સાથે સર્વત્ર પડે. સુઘોષાના એક નાદે જેમ બાર દેવલોક આખામાં ઘોષારવ થઇ રહે છે તેમ આપણો એકાદો ઠરાવ સારાયે ભારતવર્ષના કાન ખોલી નાખવાને સમર્થ નિવડે એવું બળ ઉત્પન્ન કર્યા વિના યુવાન નવસૃષ્ટિનો સર્જનહાર છે એ સુત્રલેખ અસિદ્ધજ રહેવાનો.

જો દેશની મુક્તિનો આધાર યુવકોપર નિર્ભર હોય તો જૈન સમાજ જેવી નાની કોમનો આધાર તેના ઉગતા-નવલોહીઆ ઉપર અવલંબી રહે એમાં શું આશ્ચર્ય! આપણા સંગઠનથી આપણે આપણા પ્રત્યેક ખાતાઓને નવપલ્લવીત કરવા છે ત્યારે યુવકના નેગો એમાં ધર્મનાશ કે સર્વનાશ વિલોકે. એટલું અવધારી રાખવું જોઇએ કે ઉલ્લુક તો અવશ્ય અંધકારજ ઇચ્છે છે. એટલી એની ઇચ્છા પર નિર્ભર રહી કામ કરવાનું યુવાનને તો નજ પાલવે. યુવાનો પણ કટિબદ્ધ થઇ એજ પરમાત્મા મહાવીર દેવના સિદ્ધાંતોને વિશ્વ યોગ્ય બનાવવા માગે છે. એમણે દેવસ્થાનો તો પ્રિય છેજ. ભલે આબુકે રાણકપુર જેવી કોરણી-કે-કળાપર તે વારી જાય છે છતાં તેમને એ સ્થાનોમાં વધી પડેલ અજ્ઞાનતા ને આડંબર નથી ગમતા. સાચી સાધુતાના પગમાં આળોટનારા યુવકો ઉપરછલ્લા ડમાકને નથીજ ચાહતા. જ્ઞાનપુર્વકના ધર્મને છાતી સરસો ચાંપનાર નવયુવાનો કીયા જડત્વમાં નથીજ રાચતા. આમ મૂળ માન્યતામાં ફેરફ જેવું જેજ ક્યાં? 'જૈન જયતુ શાસનમ્' એમને પણ ગમે છે. બાકી યુવાનોની ભાવનાનો પેગામ્નિરાળો છે અને નિરાળો રહેવાનો.

## શ્રી કરજણ જૈન સંઘે દીક્ષા સંબંધી કરેલ યોગ્ય ઠરાવ.

"આધુનીક સમયનું દીગદર્શન કરતાં કરજણમાં જેઓ સ્વામીભાઇઓને દીક્ષા લેવા ઉત્કૃષ્ટ ઇચ્છા થઇ હોય તેમણે એક મહિના અગાઉ સુપ્રસિદ્ધ વર્તમાનપત્રોમાં તેવા સમાચાર ફેલાવ્યા બાદ લાયકાત જણાએ સંઘની સંપૂર્ણ ઇચ્છાથી દીક્ષા આપી શકાશે. તે નિયમ તોડનાર અગર તેમ કરવા સંમતિ આપનાર બન્ને સંઘના ગુન્હેગાર ગણાશે."

## સમાચાર.

### રતિલાલ પાછો સોંપાયો.

ખંભાતના શાસનપ્રેમીઓના તેમજ સાગરજીના અતિ દાવપેચો નિષ્ફળ નિવડ્યા અને રતલામની પોલીસના પ્રયત્નથી રતિલાલ પુનઃ તેના કાકાને સોંપાયો છે. ખંભાતમાં છોકરાના બાપ તરફથી સાગરજી તેમજ બીજા દશ ભક્તો પર કેસ મંડાયો છે એમ સંભળાય છે અને 'રતનને સંભાળજો ડામરની ગોળીઓ વેરજો' ઇત્યાદિ માર્મિક તારો પણ પકડાયા છે. હાલ તો ખંભાત સ્ટેટે વારંટથી સાગરજીને રોકયા જણાય છે.

# સાધુ કોને કહેવાય ?

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫ મા અધ્યાયમાંથી ઉધ્ધૃત.

હું મુનિ ધર્મને અંગીકાર કરૂં એમ વિચાર કરીને ચારિત્રરૂપી ધર્મને અંગીકાર કરીને બીજા સ્થવિર સાધુઓ સાથે રહે; વળી જે સરળ સ્વભાવ યુક્ત, નિદાનરૂપ શલ્યથી રહિત, સગાં વ્હાલાંઓ સાથે પરિચય ન કરનાર, કામાભિલાષથી રહિત, અજાણ્યા કુળને વિષે ગોચરી આદિક લેનાર અને અપ્રતિબદ્ધપણે વિચરનાર હોય તેને સાધુ કહેવાય.

રાગાદિકથી રહિત શુદ્ધ ક્રિયા કરનાર, સંસારથી વિરક્ત સિદ્ધાંતના જાણકાર, આત્માનું રક્ષણ કરનાર, સારાસાર વિવેક શક્તિએ કરીને યુક્ત, પરિષહોને જીતનાર, સઘળા જીવોને પોતાના સમાન જોનાર, સર્વ વસ્તુને જાણનાર અને સચિત્ત કે અચિત્ત વસ્તુ ઉપર મુર્છા ન કરનાર તેને સાધુ કહેવાય.

કોઇ તેની નિર્ભત્સના કરે કે માર મારે તો તે કર્મબંધનો હેતુ છે એમ માની ધીર મુનિ તેનાપર ક્રોધ ન કરે; સાધુના અનુષ્ઠાનોમાં તત્પર રહે, અસંયમના સ્થાનકોથી અલગ રહે, સંસારની ચિંતાથી રહિત, અહંકારથી રહિત હોય અને જે નિર્ભત્સના કે માર સમશક્તિથી સહન કરે તે સાધુ કહેવાય.

અસાર એવાં શયન આસનાદિકને સેવે, ઠંડી કે ગરમી કે વિવિધ ડાંસ, મચ્છર, માકણાદિકને અનાકુલ ચિત્તથી સહન કરે; ડાંસ, મચ્છરાદિકથી રહિત સ્થાન પ્રાપ્ત થયે હર્ષ ન પામે અને સઘળું સુખદુઃખ સમભાવે સહન કરે તે સાધુ કહેવાય.

વિહારમાં લોકો પોતાના સામે સત્કાર કરવા આવે કે વસ્ત્ર પાત્ર આહારાદિકથી પૂજા કરે કે દ્વાદશાવર્તપૂર્વક વાંદે તેમ સાધુ નવા છે; કોઇ પાસેથી પ્રશંસાની ઇચ્છા ન કરે; સાધુના અનુષ્ઠાનોમાં તત્પર વ્રતધારક, તપસ્વી, જ્ઞાનદર્શનથી યુક્ત અને આત્માના ગવેષક તે સાધુ કહેવાય.

જેને કરીને સંયમી જીવન ખોવું પડે અથવા તો મોહનીય કર્મનો બંધ થાય તેવા નરનારીનો પ્રસંગ સર્વથા છાંડે, સ્ત્રી-નારકી ઇન્દ્રજાલાદિક વિષયો સંબંધી કૌતુહલને ન સેવે તે તપસ્વી સાધુ કહેવાય.

જે મુનિ વસ્ત્રાદિક ઉપરનાં લક્ષણો, સંગીત શાસ્ત્ર, ક્યારે ધરતીકંપ થાય, તારા ખરે, ઉલ્કાપાત થાય, આકાશને લગતી બાબતો, સ્વપ્ન વિદ્યા, સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં સ્ત્રી પુરૂષાદિકનાં લક્ષણો, દંડવિદ્યા, વાસ્તુવિદ્યા, શરીરના અંગો ફરકે તેનો વિચાર, જાનવરોના સ્વરથી થતા શુભાશુભ પરિણામનો વિચાર;-આટલી વિદ્યાઓથી પોતાની આજીવિકા ન ચલાવે તે સાધુ કહેવાય.

જે ઓં હ્રીં આદિક મંત્રો કે જડીબુટ્ટી આદિથી અથવા તો વમન, વિરેચન, ભૂતાદિકનો ત્રાસ છુટી ચૂર્ણાદિકથી રોગમુક્તિ માટે સ્નાન કરાવવું-ઇત્યાદિ વૈદ્ય કાર્ય છોડે, પોતાને રોગ આવે ત્યારે માબાપને ન સંભારે; અને રોગપ્રતિકારની ચિંતા પણ ન કરે; આ સર્વ યથાપ્રકારે જાણીને સાધુ માર્ગને વિષે ચાલે તેને સાધુ કહેવાય.

જે રાજાઓ, મલ્લોના સમુહ, કોટવાળો, રાજપુત્રો, બ્રાહ્મણો, નાના પ્રકારના વિભવ સુખ ભોગવનારાઓ, નાના પ્રકારના શિલ્પીઓ-ભેટચાઓની પ્રશંસા ન કરે; પૂજ્ય છે તેમ ન કહે; તેમને યથાપ્રકારે જાણીને સંયમ માર્ગને વિષે ચાલે તે સાધુ કહેવાય.

જેનો ગૃહસ્થાશ્રમમાં પરિચય થયેલો હોય અને પછી સાધુ અવસ્થામાં એવા હોય તેવા ગૃહસ્થો સાથે લૌકિક ફળની પ્રાપ્તિ માટે પરિચય કરતા નથી તેને સાધુ કહેવાય.

શયન, આસન, પાન, ભોજન, વિવિધ ખાદિમ સ્વાદિમ આદિકથી પૂર્ણ એવા ઘરને વિષે ગોચરી માટે જાય અને ગૃહસ્થ તરફથી કહેવામાં આવે કે 'તને કંઇ નહીં દઉં' ત્યારે પણ જે તેના પ્રત્યે જરા પણ દ્વેષ ન કરે તે સાધુ કહેવાય.

જે ગૃહસ્થના ઘરમાંથી સારા કે ખરાબ આહારાદિક મળ્યા હોય તેની મન, વચન, કાયાથી નિંદા ન કરે તે સાધુ કહેવાય.

નિરસ ધાન્યનું ઓસામણ, જવનું ધાન, ઠંડું ધાન, કાંજી, જવનું પીણું-આવું નિરસ ધાન્ય મળે છતાં નિંદે નહીં અને ગરીબ ઘરોને વિષે ગોચરી કરે તે સાધુ કહેવાય.

દેવ, મનુષ્ય કે તિર્યંચોએ કરેલા અત્યંત ભયકારક રૌદ્ર શબ્દો સાંભળીને પણ જે ધર્મ ધ્યાનથી ચળે નહીં તે સાધુ કહેવાય.

જગતમાં પરસ્પર લડતા તર્કવાદો જાણીને કોઇનો પક્ષપાત ન કરનાર, જ્ઞાનદર્શન ચારિત્રથી યુક્ત, ૧૭ પ્રકારના સંયમથી યુક્ત, શાસ્ત્રોના પરમાર્થ જાણનાર, સારાસાર વિવેકયુક્ત, પરીષહોને જીતીને સર્વ જીવોને પોતાના સમાન જોનાર, ક્રોધાદિક કષાયોથી મુક્ત હોય તે સાધુ કહેવાય.

જે ચિત્રકામાદિ શિલ્પથી આજીવિકા ન ચલાવે; વળી જે અણગાર, અસહાય, જીતેંદ્રિય, બાહ્યાભ્યંતર ગ્રંથિથી મુક્ત, સ્વલ્પ કષાયયુક્ત, સ્વલ્પ ભોજન લેનાર અને દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે ગૃહાદિકને છોડીને રાગદ્વેષ રહિત વિચરે તે સાધુ કહેવાય.

[નોટ-ઉપરોક્ત સાધુના લક્ષણો વાંચી, વિચારી કોણ શ્રમણ ભગવંત મહાવીરના સાચા સાધુઓ છે અને કોણ તેમના નામે ચરી ખાય છે તેનો મુમુક્ષ વિવેક કરે; આગમોમાં અટલ શ્રદ્ધા ધરાવવાનો દાવો કરનારા કહેવાતા શાસનપ્રેમી બંધુઓ પણ આ વાંચીને વિચાર કરે અને યેનકેન પ્રકારેણ અપાતી કહેવાતી 'ભાગવતી' દિક્ષાનો મોહ છોડે.—તંત્રી ]

# પાટણનો પત્ર.

અત્રે શ્રીમાન લબ્ધિસૂરીના ચાતુરમાસનું સરવૈયું કહાડતાં નફામાં મીંડું, અને નુકસાનમાં કલેશ કંકાસમાં વૃદ્ધિ, જ્યારથી તેમનાં અત્રે પગલાં થયાં ત્યારથી તેમના વ્યાખ્યાનોમાં તેમના ભક્તોને ઉશ્કેરી કલેશ કંકાસને પોષવા પાણી સીંચે રહ્યા છે. તેનાથી ન ધરાતાં અત્રેના સંઘે અયોગ્ય દીક્ષા અંગે કરેલા ઠરાવને તોડીને દીક્ષા આપતાં પહેલાંરથી દૂર થયા. એટલે જૈન સમાજના પૈસાની બરબાદી કરવા ભાઇએ ભાઇને કોર્ટે ચડાવ્યા છે. આ સ્થિતિ ઉભી થતાં પાટણમાં એવા તો અળખામણા થઇ પડયા છે કે ચોમાસુ પુરૂ થતાં કોઇ ઠેકાણેથી ચોમાસુ બદલવા આમંત્રણ સરખું પણ ન મળ્યું. આથી ભક્તો મુંઝાયા. અને એક શેઠીયાને વિનવિને ચોવીસ કલાકની બોણાબરી આપી ધર્મશાળામાં ચોમાસુ બદલ્યું. અને ચોવીસ કલાકમાં મૂળ સ્થાને પાછા ગયા.

પટણીઓથી સૂરીજી(!) માં એટલો તો ખોટો ગભરાટ પેઠો છે કે બિચારા દેવદર્શને જનાભાના, ઘુપાતા, મોટા વહેલા આઝમાણમાં દર્શન કરીને પાછા ઉપાશ્રયમાં ભરાઇ

# ભાઈ પરમાનંદને સાત માસની સજા થઈ.

જાય. સામળહાર ઠરશે જતાં પણ ગભરાય. ટુંકમાં ઉપાશ્રયની બહાર નીકળતાં બિચારા મુંઝાય છે રખે છોકરા હુરીયો કરે.

કાર્તિક વદ ૭ ના દિવસે વીશાશ્રીમાળીની ન્યાતના કાન્તીલાલ નામના એક છોકરાને દીક્ષા અપાઈ તેના આંખાલય સહરાગત ભરેલા રીપોર્ટ છાપામાં વાંચી કંઈ લખવાની ઇચ્છા થઈ. ભાઈ કાન્તીલાલના પીતા ગુજર ગયા છે, માતા પણ છે નહિ, આ એકલવાયા પંખેરાને જાળમાં લેવા સુરીજીએ જાળ બીછાવી, અને તે તેમાં સપડાયું કે તેના ઘર બરબાર તેમના કોઈ ભકતને રૂ. ૧૫૦૦) માં વેચાણ કરાવી આપી ઉપાધીથી મુકત કરી જેમ બને તેમ તાકીદે મુંડી નાખવાના તાગડા રચ્યા, પણ કોઈ નામશુદીવો કે છાબ ઉંચકનારે ન મળે, એટલે મુંઝાયા અને મુંબાઈ તાર છુટયા, કે મુંબાઈથી તેમના ભકતોમાંથી ૭ જણ વદ પાંચમે પાટણ આવ્યા. કે જગડધકે વદ ૬ ની દીક્ષા નક્કી કરી, અને તેમનાજ ભકતોમાંથી, નહિ નાત, નહિ સગા, નહિ વહાલા. તેવા પાસે નામશુદીવો ને છાબ ઉપડાવી. ભાઈ રહે વીરડામાં ત્યારે વરઘોડો ગયો ગોળચકલામાંથી, અને હું તું ને બાવા મંગળદાસ વરઘોડામાં છતાં શાથી સહરાગત ભરેલા રીપોર્ટ આપતા હશે !

પાટણમાં બિરાજતા મુનિઓના એક શીષ્ય સુરેન્દ્રવિજયજીએ કાર્તિક વદ ૧૧ ના રોજ સરીયદના એક મોદ વર્ષના સગીર બાળકને પાટણની બહાર જંગલમાં સાધુ વેશ પહેરાવી છ પાંચ ગણી ગયા છે. આ વાતની છોકરાના પીતાને ખબર પડતાં પાંચ જણ સાથે પાટણ આવી પહોંચ્યો. ઘણીએ વિનવણી કરી, છતાં અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ સાંભળેજ શાના ! છેવટે બાળકના પીતાએ કોર્ટનો આસરો લીધો છે. બાળસાધુને સંતાડી દેવામાં આવ્યો છે. પોલીસ તપાસ ચલાવે છે. પ્રેમલાઓ શાસન હેલતના નામે માંડવાળની ભાંજગડ કરી રહ્યા છે, ત્યારે બાળકનો પીતા કોઈ પણ ભોગે પુત્ર મેળવવા ઇન્તેજાર જણાય છે. ઠેકાણે ઠેકાણે જપ્તીઓ શરૂ થઈ છે. અને આખરે ભોંયણી પાસે દેત્રોજ ગામથી છોકરાનો કબજો પોલીસે લીધો છે. છોકરાને કપડાં પહેરાવી રેલગાડીમાં બેસાડી પાટણ લાવ્યા છે, તેમ સુરેન્દ્રવિજયને જામીન ઉપર છુટા કર્યા છે.

અયોગ્ય દીક્ષા અંગે અત્રેના શ્રીસંઘે કરેલ ઠરાવથી અને અયોગ્ય દીક્ષાના હિમાયતીઓનો જુજ ભાગ સામો પડવાથી કુસંપ થયો છે તે જાણીતી વાત છે, તે કુસંપના બદલે સંપ કરવા થોડા વખતથી મુંબઈથી આવેલ એક ભાઈ મહેનત કરી રહ્યા છે. સુલેહ થાય તો સોના જેવું છે. સૌ સુલેહ ને શાન્તિજ ઇચ્છે, કોઈ પણ કલેશ તો નજ ઇચ્છે. છતાં સુલેહના હિમાયતીઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સુલેહ એવી કરાવે કે કાયમની શાન્તિ થાય. કારણ કે કહેવાતા શાસનપક્ષે કોન્ફરન્સહેરીનું તેરમું કર્યું છે. વરઘોડા, ઉજમણાં, ઉપધાન, દીક્ષા ને સંઘ કઢાડવામાંજ સમાજ ઉન્નતિ ને ધર્મ માને છે, સમાજની કે દેશની કશી તેને પરવા નથી, તેમની દોરીયો સાધુઓના હાથમાં છે. આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરી કાયમની સુલેહ થાય તેવાં પગલાં લેવાય તોજ ખરી શાન્તિ થશે. અસ્તુ.

પટણી.

## વીલેપારલેના રાષ્ટ્ર સંચાલક

### શ્રી. પરમાનંદ કુંવરજી ઝવેરી,

બી. એ. એલએલ. બી.

( લખનાર : કકલભાઈ બી. વકીલ. )

દેશની આઝાદીની લડતમાં મુંબઈની જૈન પ્રજાએ જે ફાળો આપ્યો છે તેમાં બે વ્યકિતઓ ખાસ તરી આવે છે. પ્રથમ વ્યકિત શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ છે જેઓ નવમી વોર કાઉન્સીલના પ્રમુખ તરીકે ચાલુ લડતને ખુબ જોર આપી દેશની મહાન સેવા બજાવી આજે યરોડા મંદીરમાં સરકારના મહેમાન બનેલા છે. શ્રીયુત વીરચંદભાઈના સંબંધમાં ઘણું બોલાયું અને લખાયું છે, એટલે અત્રે કાંઈ કહેવાની જરૂર નથી.

બીજી તેજસ્વી વ્યકિત ભાઈ પરમાનંદ કુંવરજી ઝવેરી છે જેઓ "જવાહર ડે" ને દીવસે વીલેપારલેના સરમુખત્યાર તરીકે ગીરફતાર થયા છે અને ટુંક વખતમાં સરકારના મહેમાન થઈ જશે. ભાઈ પરમાનંદ જૈન સમાજની એક એવી વ્યકિત છે કે જેને હજુ ઘણાઓ ઓળખી શકયા નથી. તેઓની સાથેનો મારો અંગત પરીચય ઘણા લાંબા વખતનો છે અને તેથી હું વગર અતિશયોકિતએ કહી શકું છું કે જૈન કોમમાં તેમના જેવાં રત્નો બહુજ અલ્પ અને ગણ્યાગાંઠયા નજરે પડે છે. ભાઈ પરમાનંદ આગેવાન જૈન કુટુંબના નબીરા છે અને જૈન ધર્મ પ્રચારક સભાના પ્રમુખ શ્રી. કુંવરજી આણંદજીના પુત્ર તેમજ અત્રેના જાણીતા વિદ્વાન જૈન સોલીસીટર શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના ભાઈ થાય છે. તેઓ અત્રેના ઝવેરી બજારમાં હીરાના વેપારી તરીકે કામકાજ કરે છે અને ઘણા વખત થયા ડાયમંડ મરચંટસ એસોસીએશનના સેક્રેટરીનો હોદ્દો ધરાવે છે. ભાઈ પરમાનંદ એક સ્વતંત્ર વિચારના અને નીડર સુધારક છે. તેઓના વીચારો માટે કદાચ તેમને ખરેખરા સ્વરૂપમાં નહી ઓળખનારા વચ્ચે મતભેદ હશે, છતાં તેમની લેખનશકિત અને વકતૃત્વ માટે બે મત નથી. સમાજે તેઓની પાસેથી ઘણું મેળવ્યું છે અને હજી પણ ઘણું મેળવવાની આશા રાખે છે. ભાઈ પરમાનંદનો સહવાસ એટલો એટલો રમણીય અને પ્રીતીજનક હોય છે કે એકવાર તેમના સમાગમમાં આવ્યા પછી તેઓને સતત મળવાની ઉત્કંઠા રહ્યા કરે છે. ગમે તેવા આવેશના વખતમાં મગજ પરનો કાબુ રાખવાની તેઓ અજબ શકિત ધરાવે છે. ચાહે તો વૃદ્ધ હો યા બાળક હો અથવા ચાહે તો યુવાન હો તેઓ બધાને ભાઈ પરમાનંદ એક સરખો સંતોષ આપી શકે છે અને સામાના મિત્ર થઈ તેમની શું અગવડો અને મુંઝવણો છે તે જાણી તેનો કેમ નીકાલ કરવો તે સારી રીતે સમજાવી શકે છે. તેઓ મહાત્માજીના ચુસ્ત અનુયાયી છે અને જે મહાન લડત આખી દુનિયાના સર્વોત્તમ પુરૂષે બ્રિટીશ શહેનશાહતની સામે ઉપાડી છે તેમાં ભાઈ પરમાનંદે પોતાને ઓતપ્રોત કરી દીધા છે અને તે માટે ભાઈ પરમાનંદને આખી જૈન કોમના અભિનંદન છે. પ્રભુ તેઓને દુઃખો સહન કરવાની શકિત આપે.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઈ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઈ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.